RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 230* Date: 17.06.2022 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### સરકારના 'અગ્નિપથ'નો હિંસક વિરોધ

## મધ્યપ્રદેશ સહિત છ રાજયોમાં દેખાવો : બિહારમાં ભાજપની ઓફિસ પર હુમલો



,નવીદિલ્હી,તા.૧૬

કેન્દ્ર સરકારની અગ્નિપથ યોજનાનો સમગ્ર દેશમાં વિરોધ શરૂ થયો છે. બિહારમાંથી નીકળેલી ચિંગારી યુપી, હરિયાણા, હિમાચલ સહિતના અન્ય રાજ્યો સુધી પહોંચી ગઈ છે. દુઃખદ વાત એ છે કે હરિયાણાના રોહતકમાં આ યોજનાના વિરોધમાં એક વિદ્યાર્થી આત્મહત્યા કરી લીધી છે. બીજી તરફ પલવલમાં હોબાળો કરી રહેલ વિદ્યાર્થીઓએ પોલીસની ત્રણ ગાડીને સળગાવી દીધી છે. હિમાચલ પ્રદેશના ધર્મશાળામાં ચૂંટણી અભિયાન માટે જઈ રહેલી મોદીની રેલીમાં વિરોધ વ્યક્ત કરવા જઈ રહેલા યુવાઓને રોકવામાં આવ્યા હતા. યુપીમાં પણ અભિયાનની વિરુદ્ધ નારાઓ લગાવવામાં આવ્યા હતા.

એક યુવકે આજે રોહતકની પીજી હોસ્ટેલના રૂમમાં આત્મહત્યા કરી હતી. યુવકનું નામ સચિન હતું. તે જીંદ જિલ્લાના લિજવાન ગામનો રહેવાસી છે. તે સેનાની ભરતીની નવી પોલીસી અગ્નિપથથી હેરાન હતો. પરિવારના સભ્યોએ જણાવ્યું કે સેનાની ભરતી કેન્સલ થવાથી અને ચાર વર્ષની અગ્નિપથ યોજના આવવાથી નારાજ થઈને સચિને આ પગલુ ભર્યું છે. દેખાવકારોએ ગુરુવારની સવારથી જ મુંગેરમાં પટના-ભાગલપુર મુખ્ય માર્ગને સાફિયાબાદની પાસે જામ કરી દીધો છે. નવાદામાં ઘણા યુવાઓ કેન્દ્ર સરકારની વિરુદ્ધ પ્રજાતંત્ર ચોક પર દેખાવો કરી રહ્યા છે. બીજી તરફ, જહાનાબાદમાં વિદ્યાર્થીઓએ ગયા-પટના રેલવેટ્રેકને જામ કરી શહેરમાં વિવિધ જગ્યાઓએ આગ લગાવી છે.

જહાનબાદમાં વિદ્યાર્થીઓએ પટના-ગયા રેલખંડને ટાર્ગેટ બનાવતાં પટના-ગયા મેમુ ગાડીને જહાનાબાદ સ્ટેશનની પાસે રોકીને દેખાવો કર્યા હતા. ટ્રેન રોકવાની માહિતી પછી રેલવે પોલીસ ઘટનાસ્થળે પહોંચીને વિદ્યાર્થીઓને સમજાવવામાં લાગી હતી. બીજી તરફ વિદ્યાર્થીઓએ શહેરના સ્ટેશન વિસ્તારના કાકો મોડની પાસે રસ્તા પર આગ લગાવીને રસ્તાને જામ કરી દીધો હતો બક્સરમાં પણ સેના બહાલીમાં ટૂર ઓફ ડ્યૂટી હટાવવાને લઈને બીજા દિવસે પણ દેખાવો થયા છે. દેખાવો કરતાં-કરતાં મોટી સંખ્યામાં યુવકો કિલા મેદાનના રસ્તાઓ પર નીકળી પડ્યા હતા. આ દરમિયાન ગુસ્સે ભરાયેલા ઉમેદવારોએ નારાઓ લગાવ્યા હતા. જોકે દેખાવોની ગંભીરતાને ધ્યાને લઈને પોલીસે તાત્કાલિક મોરચો સંભાળ્યો હતો.

નવાદાના પ્રજાતંત્ર ચોક અને રેલવે સ્ટેશનની પાસે દેખાવકારો દ્વારા રસ્તાને જામ કરીને નારેબાજી કરવામાં આવી હતી. એ પછી કેટલાક ગુસ્સે ભરાયેલા વિદ્યાર્થીઓએ નવાદા સ્ટેશન પર પહોંચીને ત્યાં ટ્રેક પર લાગેલા નટ બોલ્ટને પણ ખોલી નાખ્યા છે. દેખાવકારોમાં જબરદસ્ત રોષ જોવા મળી રહ્યો છે. સિવાનમાં પણ અગ્નિપથ યોજનાને લઈને મોટી સંખ્યામાં ઉમેદવારોએ દેખાવો કર્યા હતા. અહીં યુવાઓએ જેપી ચોક, સ્ટેશન મોડ અને રેલવેટ્રેકને જામ કરીને જોરદાર વિરોધ નોંધાવ્યો હતો. કેટલાક ઉમેદવારો હાથમાં વાસ લઈને વિવિધ જગ્યાએ આગ લગાવતા પણ જોવા મળ્યા હતા.છપરાના દુધઈલા મોડની નજીક યુવાઓએ રસ્તો જામ કરીને આગ લગાવી હતી. આ દરમિયાન ઉમેદવારોએ અગ્નિપથ યોજનાનો ભારે વિરોધ કર્યો હતો. છપરાના મશરખમાં પણ યુવાઓએ સરકારની સ્કીમની વિરુદ્ધ દેખાવો કર્યા હતા. તેમણે છપરા થાવે રેલવે લાઈન પર દેખાવો કરતા ટ્રેનને રોકી દીધી.

અગ્નિપથની નારાજગી યુપી સુધી પહોંચી ગઈ છે. ઉન્નાવના શુક્લાગંજમાં યુવાઓએ મરહલા ચાર રસ્તા પર દેખાવો કર્યા હતા. યુવાઓએ હાથમાં તખ્તી અને પોસ્ટર લઈને રક્ષા મંત્રી અને મોદી, યોગી મુર્દાબાદના નાર લગાવ્યા હતા. આ અંગેની માહિતી મળતા જ ઘટના સ્થળે પહોંચેલી પોલીસે ઓફિસ સમજાવ્યા હતા. આ સિવાય અગ્નિપથ સ્કીમના વિરોધમાં બુલંદશહેરમાં જોરદાર દેખાવો થયા હતા. વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા અને સરકારની વિરુદ્ધ નારેબાજી કરી હતી. આ દરમિયાન પોલીસ સાથે પણ બોલાચાલી થઈ હતી. વિદ્યાર્થીઓએ કહ્યું કે ભારત સરકારના નિર્ણયથી અમને શરમ આવે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હિમાચલ પ્રદેશના ધર્મશાળામાં પહોંચે તે પહેલા ગગલમાં યુવાઓ રસ્તાઓ પર ઉતરી આવ્યા છે. ઘણા વર્ષોથી સેનામાં ભરતીની તૈયારીમાં લાગેલા યુવા અગ્નિપથ ભરતી યોજનાનો વિરોધ કરી રહ્યાં છે. તેઓ મોદી સમક્ષ વિરોધ કરવા માટે ધર્મશાળા જવાની કોશિશ કરી રહ્યાં હતા, જોકે પોલીસે તેમને અટકાવ્યા હતા.

હરિયાણાના ગુરુગ્રામમાં વિદ્યાર્થીઓએ અગ્નિપથ યોજનાના વિરોધમાં દિલ્હી-જયપુર હાઈવેને જામ કરી દીધો છે. રસ્તાઓ પર બેઠેલા વિદ્યાર્થીઓએ કહ્યું કે પહેલા તો ત્રણ વર્ષથી સેનામાં ભરતી થઈ રહી નહોતી. હવે માત્ર ચાર વર્ષની નોકરીની યોજના લાવવામાં આવી છે. આ અમારી સાથે અન્યાય છે. અગ્નિપથ યોજનાના વિરોધમાં હરિયાણાના રેવાડીમાં મોટી સંખ્યામાં યુવકોએ બસ સ્ટેન્ડ પાસે હોબાળો કર્યો હતો. યુવાઓએ પોલીસની બેરિકેડ્સ તોડી નાંખી અને સરકારની વિરુદ્ધ ભારે નારેબાજી કરી હતી. પોલીસે લાઠીચાર્જ કરીને દેખાવકારોને ભગાવ્યા હતા. તણાવના પગલે આસપાસના બસસ્ટેન્ડ સંપૂર્ણ રીતે બંધ થયા છે.

ગ્વાલિયરના ગોળાના મંદિરમાં સેનાની ભરતીની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓએ ચક્કાજામ કર્યો છે. આ દરમિયાન રસ્તા પર ટાયર સળગાવીને વિદ્યાર્થીઓ દેખાવો કર્યા હતાં કેન્દ્ર સરકારે ૧૪ જૂને સેનાની ત્રણેય પાંખ- આર્મી, નેવી અને એરફોર્સમાં યુવાઓની મોટી સંખ્યામાં ભરતી માટે અગ્નિપથ ભરતી યોજના શરૂ કરી છે. આ સ્કીમ અંતર્ગત યુવાનોએ ૪ વર્ષ માટે ડિફેન્સ ફોર્સમાં સેવા આપવાની રહેશે. હાલ એવી ચર્ચા ચાલી રહી છે કે સરકારે આ પગલુ સેલેરી અને પેન્શનના બજેટને ઘટાડવા માટે ઉઠાવ્યું છે.

## સિક્કિમમાં ભારે વરસાદને કારણે ભૂસ્ખલન, સેનાએ ૮ લોકોને બચાવ્યા, એકનું મોત

ગંગટોક,તા.૧૬

દેશના ઉત્તરીય રાજ્યોમાં જ્યાં ગરમીએ કહેર મચાવી રહ્યો છે. પૂર્વોત્તર રાજ્યોમાં સતત વરસાદને કારણે સામાન્ય જનજીવન ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયું છે. સિક્કિમમાં છેલ્લા બે દિવસથી પડી રહેલા મુશળધાર વરસાદને કારણે નેશનલ હાઈવે પર ભૂસ્ખલનમાં ૮ લોકો ફસાયા હોવાની માહિતી મળી રહી છે. મળતી માહિતી મુજબ, ભારતીય સેનાએ ભૂસ્ખલનને કારણે દટાયેલા લોકોને બચાવવા માટે રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરી દીધું છે. જેમાં સેનાએ દટાયેલા ૮ લોકોને બચાવીને સારવાર માટે મિલિટરી હોસ્પિટલમાં મોકલ્યા હતા. જેમાં એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.પૂર્વોત્તરમાં સતત વરસાદને કારણે અત્યાર સુધીમાં ૪૨ વ્યક્તિઓના મોત થયા છે.એનએચ અધિકારીઓએ માહિતી આપી છે કે, આ ભૂસ્ખલનની ઘટના ગંગટોક-નાથુલા હાઈવે પર લગભગ ૧૭ માઈલની આસપાસ એજી કન્સ્ટ્રક્શન કંપનીના મેસ રૂમમાં બની હતી, જેમાં કેટલાક મજૂરો ફસાયા હોવાની આશંકા છે. માહિતી મળતાની સાથે જ સેનાએ મોરચો સંભાળી લીધો અને બ્લેક કેટ ડિવિઝનની ટીમને બચાવ કાર્યમાં લાગી ગઈ હતી સેનાની ટીમે ભૂસ્ખલન બાદ કાટમાળમાંથી કુલ આઠ લોકોને બચાવ્યા બાદ તેમને સારવાર માટે નજીકની સૈન્ય હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું. મળતી માહિતી મુજબ, મૃત્યુ પામેલા વ્યક્તિની ઓળખ ૩૫ વર્ષીય કાલુ તમંગ તરીકે થઈ છે, જે અરુણાચલ પ્રદેશનો રહેવાસી છે.

ઉત્તર ચેરાપુંજીમાં ૮૧૧.૬ મિમી જેટલો વરસાદ થતાં જૂન મહિનાનો છેલ્લાં સત્યાવીસ વર્ષનો રેકોર્ડ તૂટ્યો હતો. આસામ સહિતના ઉત્તર-પૂર્વ રાજ્યોમાં ભારે વરસાદ થવાથી અનેક જગ્યાએ શાળા-કોલેજ આજે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. શહેરના અનિલનગર, નવીન નગર, રાજગઢ લિક્ર રોડ, રૂકમિણીગાંવ જોવા અનેક વિસ્તારો ભારે વરસાદથી પ્રભાવિત થયા હતા. રાજ્યમાં પૂર તથા ભેખડો ધસી પડવાથી ૪૨નાં મોત થયા હતા. ગીતાનગર, સોનાપુર, કાલાપહાડ અને નિજરાપર વિસ્તારના રસ્તાઓ બંધ થઈ ગયા હતા. યુનિવર્સિટીએ પણ પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાની તમામ પરીક્ષાઓ રદ કરવાની ફરજ પડી હતી.વેધશાળાના જણાવ્યા મુજબ નૈૠત્યનું ચોમાસું મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિળનાડુ અને આંધ્ર પ્રદેશ તરફ આગળ વધી રહ્યું છે.

## હવેથી ચારધામના યાત્રિકોને અપાશે રૂ.એક લાખ રૂપિયાનો વીમો

દહેરાદુન,તા.૧૬

ચારધામ યાત્રા પર આવનારા યાત્રિકોને પ્રથમ વખત એક લાખનું વીમા કવચ આપવામાં આવ્યું છે. બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રી સંકુલમાં જો કોઈ દુર્ઘટનાને કારણે તીર્થયાત્રીનું મૃત્યુ થાય છે, તો મંદિર સમિતિ માનવ ઉત્થાન સેવા સમિતિના સહયોગથી વીમાની સુવિધા આપશે. વીમાની રકમ યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની દ્વારા ચૂકવવામાં આવશે.

બદ્રીનાથ કેદારનાથ મંદિર સમિતિ (BKTC)ના પ્રમુખ અજેન્દ્ર અજયે માનવ ઉત્થાન સેવા સમિતિના સ્થાપક અને પ્રવાસન મંત્રી સતપાલ મહારાજનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે પ્રવાસન મંત્રીના પ્રયાસોથી યાત્રાળુઓને વીમા કવચની સુવિધા મળી છે. માનવ ઉત્થાન સેવા સમિતિ વતી વીમાનું પ્રીમિયમ યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપનીને આપવામાં આવ્યું છે.

બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિના મીડિયા પ્રભારી ડૉ. હરીશ ગૌરે જણાવ્યું કે મંદિર સમિતિના મુખ્ય કાર્યકારી અધિકારી બી.ડી. સિંહે ઉપ-કલેક્ટર્સ જોશીમઠ, ઉખીમઠ, બરકોટ (યમુનોત્રી), ભટવાડી (યમુનોત્રી)ને પત્ર લખ્યો છે. ગંગોત્રી)એ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે મંદિર આવનાર કોઈપણ અકસ્માત પર આ વીમા કવચ આપવામાં આવશે. પત્રમાં બદ્રીનાથ કેદારનાથ મંદિર સમિતિને વીમાની રકમની ચુકવણી અંગે જાણ કરવા કહેવામાં આવ્યું છે. યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ તરફથી મંદિર સમિતિ દ્વારા વીમાની રકમ ચૂકવવામાં આવશે.

### દેશમાં ઈંધણનું સંકટ

## અનેક રાજ્યોમાં પેટ્રોલ પંપ પર પેટ્રોલ-ડીઝલની અછત,પેટ્રોલ પંપો પર લાંબી કતારો

નવીદિલ્હી,તા.૧૬

શું ભારતમાં પેટ્રોલ અને ડીઝલની અછત પડી રહી છે? આ સવાલ એટલા માટે પૂછવામાં આવી રહ્યો છે કે છેલ્લા કેટલાક દિવસોથી દેશના પેટ્રોલ પંપો પર પેટ્રોલની અછતના સમાચાર મળી રહ્યા છે. રાજસ્થાન, પંજાબ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ગુજરાત અને મધ્યપ્રદેશ જેવાં રાજ્યોમાં પેટ્રોલ પંપો પર લાંબી કતારો જોવા મળી છે. એક તરફ પેટ્રોલિયમ ડીલરો દાવો કરે છે કે બીપીસીએલ અને એચપીસીએલ જેવી ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ ઈંધણનાં સપ્લાયમાં ઘટાડો કરી દીધો છે અને માગના માત્ર ચોથા ભાગનું જ ઓઈલ પૂરું પાડી રહ્યા છે, જ્યારે સરકાર અને તેલ કંપનીઓ દાવો કરે છે કે દેશમાં પેટ્રોલ-ડીઝલની કોઈ અછત નથી.

પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયે આ અંગે એક નિવેદન જાહેર કર્યું હતું. એમાં કહેવામાં આવ્યું હતું કે દેશમાં પેટ્રોલ અને ડીઝલની કોઈ અછત નથી. મંત્રાલયે એ પણ માન્યું છે કે રાજસ્થાન, મધ્યપ્રદેશ અને કર્ણાટક જેવાં કેટલાંક રાજ્યોમાં પેટ્રોલ અને ડીઝલની માગ વધી છે. પેટ્રોલ અને ડીઝલની ઉત્પાદન માગમાં ઉછાળાને પહોંચી વળવા માટેના પ્રયાસ કાર્યરત છે. જ્યારે માગમાં વધારો થવાનું કારણ કૃષિ પ્રવૃત્તિ જણાવાયું છે. ઓઈલ કંપનીઓએ ડેપો અને ટર્મિનલ પર સ્ટોક વધારીને આ સમસ્યાનો સામનો કરવા માટે તૈયારી કરી લીધી છે.

ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના ડિરેક્ટર (માર્કેટિંગ) વી. સતીશ કુમારે ટ્વીટ કર્યું, "પ્રિય ગ્રાહક, અમારા રિટેલ આઉટલેટ્સ પર ઉત્પાદનની ઉપલબ્ધતા એકદમ સામાન્ય છે. અમે તમને વિનંતી કરીએ છીએ કે ગભરાશો નહીં. ભારત પેટ્રોલિયમે એમ પણ કહ્યું હતું કે અમે દરેકને ખાતરી આપીએ છીએ કે અમારા નેટવર્ક પરનાં તમામ ફ્યુઅલ સ્ટેશનો પર પૂરતા પ્રમાણમાં ઈંધણ ઉપલબ્ધ છે, તેથી ગભરાવાની જરૂર નથી.

હિન્દુસ્તાન પેટ્રોલિયમે પણ આ મામલે ટ્વીટ કરીને લોકોને ગભરાવું નહીં એવી અપીલ કરી છે. કંપનીએ કહ્યું, એચપીસીએલ દેશની છે, સતત વધતી જતી ઈંધણની માગને પૂરી કરવા અને સમગ્ર પુરવઠાની ચેનમાં પ્રોડક્ટની ઉપલબ્ધતાની ખાતરી આપે છે. ગ્રાહકોએ ગભરાવાની જરૂર નથી. બજારમાં જ્યાં પણ અમારી પાસે ઈંધણ સ્ટેશનો છે ત્યાં અમે ઓટો ઈંધણના અવિરત પુરવઠા માટે પ્રતિબદ્ધ છીએ. એ યાદ રહે કે રાજસ્થાનમાંથી સમાચાર મળ્યા હતા કે અહીં ડીઝલ-પેટ્રોલ સપ્લાયમાં કાપને કારણે ૧,૦૦૦થી વધુ પંપ પર પેટ્રોલ-ડીઝલની અછત પડી રહી છે. રાજસ્થાન પેટ્રોલિયમ ડીલર્સ એસોસિયેશનના પ્રમુખ સુનીત બગાઈએ જણાવ્યું હતું કે રાજ્યના પેટ્રોલ પંપ માત્ર આઈઓસીએલના આધારે ચાલે છે, કારણ કે એચપીસીએલ અને બીપીસીએલએ પેટ્રોલ અને ડીઝલનો પુરવઠો સંપૂર્ણપણે ઘટાડી દીધો છે. જો સ્થિતિ આવી જ રહી તો પેટ્રોલ પંપ બંધ કરી દેવા પડશે.

## કોરોનાનો આતંક ફરી વધી રહ્યો છે,મુંબઈમાં ૩૩ તો દિલ્હીમાં ૨૨ ટકા કેસ વધ્યા

નવીદિલ્હી,તા.૧૬

કોરોનાના વધાતા જતા ગ્રાફને ફરી દેશવાસીઓની ચિંતા વધારવા લાગ્યો છે. જૂન આવતાં જ લોકોને નવી લહેરનો ડર સતાવવા લાગ્યો છે. મુંબઈમાં ૩૩ ટકા કોરોના કેસોમાં વધારો થયો છે તો બીજી તરફ દિલ્હીમાં ૨૨ ટકા નવા કેસ સામે આવ્યા છે. આજના દિવસે એટલે કે બુધવારની વાત કરી તો મુંબઈમાં ૨૨૯૩ નવા કેસ સામે આવ્યા છે, જોકે ૨૩ જાન્યુઆરી બાદ સૌથી વધુ દૈનિક કેસ છે.

મુંબઈ ઉપરાંત રાષ્ટ્રીય રાજધાનીમાં બુધવારે કોરોનાના ૧૩૭૫ નવા કેસ સામે આવ્યા તો ૨ના મોત થયા છે. મુંબઈમાં બીએમસીએ મેડિકલ બુલેટિનમાં કહેવામાં આવ્યું છે કે બુધવારે શહેરમાં કોરોના ૨,૨૯૩ નવા નવા કેસ નોંધાયા છે, જો ૨૩ જાન્યુઆરી બાદથી સૌથી વધુ દૈનિક કોરોના કેસ છે. સાથે જ ૧ મોત થયું છે.

બીએમસીના અનુસાર મુંબઈમાં કોરોના કેસોની કુલ સંખ્યા હવે ૧૦,૮૫,૮૮૨ થઈ ગયા છે, જ્યારે મોતોની સંખ્યા વધીને ૧૯,૫૭૬ થઈ ગયા. તમને જણાવી દઈએ કે મુંબઈમાં ૫ મહિના બાદ ૨,૦૦૦ કેસ દરરોજનો આંકડો પાર થયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગત દિવસે એટલે કે મંગળવારે કોરોનાના ૧૭૨૪ નવા કેસ અને ૨ના મોત થયા હતા.

ઉલ્લેખનીય છે કે દિલ્હીમાં સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી જાહેર કરવામાં આવેલા બુલેટીન અનુસાર ૧૩૭૫ નવા કોરોના કેસ સામે આવ્યા.

## કોરોનાના છેલ્લા ૨૪ કલાકમાં ૧૨,૦૦૦ થી વધુ નવા કેસ નોંધાયા

નવીદિલ્હી,તા.૧૬

કોરોના ચેપના કેસોમાં તીવ્ર ઉછાળો આવ્યો છે અને છેલ્લા ૨૪ કલાકમાં ૧૨,૨૧૩ નવા કેસ નોંધાયા છે અને ૧૧ લોકોના મોત થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૭,૬૨૪ લોકો કોરોનાથી સાજા થયા છે. આ સાથે, દેશમાં આ વાયરસથી સાજા થનારા લોકોની સંખ્યા અત્યાર સુધીમાં ૪,૨૬,૭૪,૭૧૨ પર પહોંચી ગઈ છે. સરકારી આંકડા મુજબ, હાલમાં કોરોનાના સક્રિય કેસોની સંખ્યા ૫૮,૨૧૫ છે. વર્તમાન પુનઃપ્રાપ્તિ દર ૯૮.૬૫% છે, દૈનિક હકારાત્મકતા દર ૨.૩૫% છે અને સાપ્તાહિક હકારાત્મકતા દર ૨.૩૮% છે.દેશવ્યાપી રસીકરણ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં ૧૯૫.૬૭ કરોડ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૮૫.૬૩ કરોડ ટેસ્ટ કરવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫,૧૯,૪૧૯ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

બુધવારે દિલ્હીમાં કોરોના વાયરસના ચેપના ૧,૩૭૫ નવા કેસ નોંધાયા છે અને ચેપ દર ૭.૦૧ ટકા છે. જો કે, ચેપને કારણે મૃત્યુનો કોઈ કેસ નોંધાયો નથી. વિભાગે તેના નવા બુલેટિનમાં જણાવ્યું છે કે બુધવારે નવા કેસ સામે આવ્યા બાદ સંક્રમિત લોકોની કુલ સંખ્યા વધીને ૧૯,૧૫,૯૦૫ થઈ ગઈ છે. મૃતકોની કુલ સંખ્યા ૨૬,૨૨૩ છે. મંગળવારે દિલ્હીમાં ચેપના ૧,૧૧૮ કેસ નોંધાયા હતા અને ચેપ દર ૬.૫૦ ટકા હતો.

બુધવારે મુંબઈમાં કોરોના વાયરસના ચેપના ૨,૨૯૩ નવા કેસ નોંધાયા હતા, જ્યારે એક ચેપગ્રસ્તનું મૃત્યુ થયું હતું. ૨૩ જાન્યુઆરી પછી મુંબઈમાં એક દિવસમાં નોંધાયેલા આ સૌથી વધુ કેસ છે. મ્યુનિસિપલ બોડીએ આ માહિતી આપી હતી.

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) ના બુલેટિન મુજબ, આ વધારાના કેસ સાથે, મુંબઈમાં કોવિડ -૧૯ કેસની સંખ્યા અત્યાર સુધીમાં વધીને ૧૦,૮૫,૮૮૨ થઈ ગઈ છે. મહાનગરમાં રોગચાળાને કારણે અત્યાર સુધીમાં ૧૯,૫૭૬ દર્દીઓના મોત થયા છે. મુંબઈમાં લગભગ પાંચ મહિના પછી દૈનિક કેસની સંખ્યા બે હજારને વટાવી ગઈ છે.

## તંત્રી સ્થાનેથી...

# નેશનલ હેરાલ્ડ પર કોંગ્રેસ ફસાઈ

*નેશનલ હેરાલ્ડ મામલાનો ઝીન ફરી એક વખત બોટલમાંથી બહાર નીકળ્યો છે. કોંગ્રેસ સુપ્રીમો સોનિયા ગાંધી અને કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીને ઇડી સામે હાજર થવાની નોટિસ મોકલવામાં આવી તો જાણે કે કોંગ્રેસમાં ભૂકંપ આવી ગયો. કોંગ્રેસ પાર્ટી દ્વારા દેશના અલગ-અલગ શહેરોમાં પ્રેસ કોન્ફરન્સથી લઇને વિરોધ-પ્રદર્શન કરવામાં આવી રહ્યાં છે. જોકે સોનિયા ગાંધી બિમાર હોવાથી હાજર નથી થયા પરંતુ રાહુલ ગાંધી પૂછપરછ માટે ઇડી સમક્ષ હાજર થયા છે. પરંતુ તેનાથી અલગ સવાલ એ છે કે શું નહેરૂ-ઇન્દિરા પરિવાર કાયદા-વ્યવસ્થાથી ઉપર છે? કોઇ પણ મામલામાં શું તપાસ પ્રક્રિયાના જે નિયમો દેશમાં કાનૂની રીતે લાગુ છે તે કોંગ્રેસ પાર્ટીના પરિવાર વિશેષ પર લાગુ થતા નથી? આ સમગ્ર મામલા પર નજર કરીએ તો સપ્ટેમ્બર ૧૯૩૮માં શરૂ થયેલ નેશનલ હેરાલ્ડના દિલ્હી સંસ્કરણનું પ્રકાશન માર્ચ ૨૦૦૮ સુધી થયું. આ પહેલા ૧૯૯૫માં કર્મચારીઓના પગાર વગેરેનો હવાલો આપી તેનું લખનૌ સંસ્કરણ બંધ કરી દેવામાં આવી ચૂક્યું હતું. ૨૦૦૮માં ટેક્નિકલ અક્ષમતાનો હવાલો આપી તેનું દિલ્હી સંસ્કરણ પણ બંધ કરી દેવામાં આવ્યું. ત્યારપછી નેશનર હેરાલ્ડ મામલે નાણાંનું એક એવું જાળુ ફેલાયું જેના ઘેરામાં સીધી રીતે કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી અને તેમના પુત્ર રાહુલ ગાંધી આવી ચૂક્યા છે.*

*વિચાર કરવા લાયક તથ્ય એ છે કે ૨૦૦૮માં અખબાર બંધ થયા બાદ કોંગ્રેસે નેશનલ હેરાલ્ડના પ્રકાશક એસોસિએઠ જર્નલ્સ લિમિટેડને રૂા. ૯૦ કરોડની વ્યાજમુક્ત લોન આપી હતી. કોઇ રાજકીય પક્ષ દ્વારા કોઇ ખાનગી કંપનીને લોન આપવી જનપ્રતિનિધિત્વ કાયદાનું ઉલ્લંઘન છે. જોકે મામલાનો અહીં જ અંત આવતો નથી. કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલ વ્યાજમુક્ત લોન બાદ અખબાર શરૂ ન થયું, પરંતુ ૪ વર્ષ પછી ૨૬ એપ્રિલ, ૨૦૧૨ના રોજ અખબારના પ્રકાશક એસોસિએઠ જર્નલ્સ લિમિટેડનો માલિકી હક યંગ ઇન્ડિયા કંપનીને માત્ર રૂા. ૫૦ લાખમાં આપી દેવામાં આવ્યો. જે યંગ ઇન્ડિયાને એસોસિએટ જર્નલ્સ લિમિટેડ અર્થાત નેશનલ હેરાલ્ડનો માલિકી હક આપવામાં આવ્યો એ કંપનીમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની સંયુક્ત રીતે ૭૬ ટકા ભાગીદારી હતી. બાકી ૨૪ ટકામાં ઓસ્કર ફર્નાન્ડિસ અને મોતીલાલ વોહરા ભાગીદાર હતાં.*

*વધુ એક બાબત એ જે આ સમગ્ર મામલાને સવાલોના ઘેરામાં લાવે છે તે એ છે કે જ્યારે માત્ર રૂા. ૫૦ લાખમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની મહત્તમ ભાગીદારી ધરાવતી યંગ ઇન્ડિયા એસોસિએટ જર્નલ્સ લિમિટેડ અર્થાત નેશનલ હેરાલ્ડનું અધિગ્રહણ કરી રહી હતી તે દરમિયાન નેશનલ હેરાલ્ડની પરિસંપત્તિઓ લગભગ રૂા. ૧૬૦૦ કરોડની આસપાસ હતી. એક રીતે જોઇએ તો લગભગ રૂા. ૧૬૦૦ કરોડમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની કંપનીને મળી ગઇ. આ સોદા ખરેખર આશ્ચર્યજનક છે. પરિણામે લેવડ-દેવડના સમગ્ર મામલામાં બે સ્તરે સવાલ ઉદ્ભવી રહ્યાં છે.*

*પહેલો સવાલ તો કોંગ્રેસ પાર્ટી પર ઉઠી રહ્યો છે. જનપ્રતિનિધિત્વ કાયદા અને આયકર વિભાગ અનુસાર એ સ્પષ્ટ નિયમ છે કે કોઇ પણ રાજકીય પક્ષ કોઇ વ્યાપારિક કારોબાર વગેરેમાં કોઇ પણ પ્રકારનું રોકાણ ન કરી શકે. સાથે જ એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ પ્રકારના કોઇ આરોપો જો કોઇ રાજકીય પક્ષ ઉપસ સાબિત થાય છે તો તેને ફંડમાં મળેલ આયકર છૂટને રદ કરી દેવામાં આવે. તેનો જવાબ કોંગ્રેસે આપવો જોઇએ. બીજો જે આરોપ જોવા મળી રહ્યો છે તે સીધી રીતે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને સવાલોના ઘેરામાં ઉભો કરે છે. સ્વાભાવિક રીતે એવું લાગે છે કે કોંગ્રેસ દ્વારા સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની કંપનીને લાભ પહોંચાડવામાં આવ્યો છે. સવાલ એ છે કે અંતે રૂા. ૯૦ કરોડની લોન છતાંય નેશનલ હેરાલ્ડ શરૂ થવાને બદલે બંધ કેમ થઇ ગયું? ૧૬૦૦ કરોડ રૂપિયાની સંપત્તિઓ ધરાવતા સમૂહને રૂા. ૯૦ કરોડની લોન લીધા પછી માત્ર રૂા. ૫૦ લાખમાં વેચવાની નોબત કેમ આવી? જે કંપનીએ રૂ. ૧૬૦૦ કરોડની સંપત્તિઓ ધરાવનતા એસોસિએટ જર્નલ્સને માત્ર રૂા. ૫૦ લાખમાં અધિગ્રહિત કર્યું તે જૂથના મહત્તમ ભાગીદાર સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીનું હોવું માત્ર સંયોગ તો ના જ કહી શકાય? આ તમામ સવાલોના તાર પરસ્પર ગૂંચવાઇને માત્ર એક જગ્યાએ જઇને જોડાય છે અને આ જોડાણ નહેરૂ-પરિવાર સાથે સીધુ દેખાય છે.*

### ક્રૂડ તેલનો વાયદો રૂ.૨૪૭ના ભાવઘટાડા સાથે રૂ.૮,૯૦૧ના સ્તરે

# સોનાના વાયદામાં રૂ.૭૩ અને ચાંદીમાં રૂ.૨૧૦ની નરમાઈ: કોટન, મેન્થા તેલમાં સુધારો: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૧૦૮૩ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૩૪૮૬ કરોડનું ટર્નઓવર

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૭૭,૬૦૫ સોદાઓમાં કુલ રૂ.૧૪,૬૨૫.૯૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૧૦૮૩.૪૬ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૩૪૮૫.૭૫ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૯૪,૯૭૫ સોદાઓમાં કુલ રૂ.૫,૦૫૬.૪૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૦,૬૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૦,૭૪૯ અને નીચામાં રૂ.૫૦,૨૯૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭૩ ઘટી રૂ.૫૦,૩૬૫ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૬૨ ઘટી રૂ.૪૦,૩૫૬ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૩ ઘટી રૂ.૫,૦૩૬ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૭૭૫ના ભાવે ખૂલી, રૂ.૫૭ ઘટી રૂ.૫૦,૩૭૬ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૧,૨૨૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૨૨૩ અને નીચામાં રૂ.૬૦,૩૮૪ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦૧ ઘટી રૂ.૬૦,૪૯૬ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૨૧૪ ઘટી રૂ.૬૦,૭૮૪ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૨૧૬ ઘટી રૂ.૬૦,૭૯૩ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૪,૯૮૫ સોદાઓમાં રૂ.૨,૫૧૫.૫૪ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જૂન વાયદો ૧ કિલોદીઠ રૂ.૫.૯૫ ઘટી રૂ.૨૧૬.૩૫ અને જસત જૂન વાયદો રૂ.૫.૭૦ ઘટી રૂ.૩૧૨ના ભાવ થયા હતા. આ સામે તાંબુ જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧૦.૦૫ ઘટી રૂ.૭૪૫.૪૫ તેમ જ સીસું જૂન કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૫ ઘટી રૂ.૧૮૨ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૪,૦૮૬ સોદાઓમાં કુલ રૂ.૩,૪૭૨.૯૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૯,૦૯૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૯,૧૦૬ અને નીચામાં રૂ.૮,૮૭૬ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૨૪૭ ઘટી રૂ.૮,૯૦૧ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જૂન વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૩ વધી રૂ.૬૦૫.૫૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૪૬૫ સોદાઓમાં રૂ.૩૮.૫૦ કરોડનાં કામકાજ થયા હતા. કોટન જૂન વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૭,૦૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૭,૧૫૦ અને નીચામાં રૂ.૪૬,૮૯૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૩૦ વધી રૂ.૪૭,૦૫૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં જૂન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૯૦ વધી રૂ.૧૦૪૯.૮૦ થયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૪૦૫.૪૩ કરોડનાં ૪,૭૫૪.૬૬૨ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૬૫૧.૦૧ કરોડનાં ૪૩૪.૦૮૭ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧,૫૭૮.૯૮ કરોડનાં ૧૭,૭૩,૧૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૮૯૪ કરોડનાં ૩૧૭૬૬૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૨૭.૮૧ કરોડનાં ૫૯૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૦.૬૯ કરોડનાં ૧૦૧.૧૬ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૬૫૯.૯૫૭ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૯૯.૬૭૬ ટન, ક્રૂડ તેલમાં ૬૨૯૪૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૫૯૬૬૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૬૮૧૭૫ ગાંસડી, મેન્થા તેલમાં ૫૨૭.૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૫૬.૬૯ કરોડનાં ૭૯૧ લોટ્સના વેપાર થયા હતા. બુલડેક્સ જૂન વાયદો ૧૪,૩૨૨ના સ્તરે ખૂલી, ૨૫ પોઈન્ટ ઘટી ૧૪,૨૭૦ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૩,૪૮૫.૭૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૫૪.૨૭ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૧૩.૦૫ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૩૮૬.૬૬ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૬૩૧.૦૧ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૧૦૭.૪૯ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં નેચરલ ગેસ જૂન રૂ.૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૫.૦૫ ખૂલી, ઊપરમાં રૂ.૩૬ અને નીચામાં રૂ.૨૪ રહી, અંતે રૂ.૭.૧૦ વધી રૂ.૩૪.૭૫ થયો હતો. જ્યારે ક્રૂડ તેલ જુલાઈ રૂ.૯,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૪૮૭ ખૂલી, ઊપરમાં રૂ.૪૮૭ અને નીચામાં રૂ.૩૮૦ રહી, અંતે રૂ.૧૨૨.૩૦ ઘટી રૂ.૩૮૮ થયો હતો. સોનું જુલાઈ રૂ.૫૪,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૦.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૭૧ અને નીચામાં રૂ.૧૩૫ રહી, અંતે રૂ.૪ વધી રૂ.૧૫૪.૫૦ થયો હતો. સોનું-મિની જૂન રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૨૩ ખૂલી, ઊપરમાં રૂ.૪૩૧ અને નીચામાં રૂ.૨૫૫ રહી, અંતે રૂ.૧૦૨ ઘટી રૂ.૨૮૧ થયો હતો. ચાંદી જૂન રૂ.૬૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫૨૬ ખૂલી, ઊપરમાં રૂ.૬૦૯.૫૦ અને નીચામાં રૂ.૨૯૬ રહી, અંતે રૂ.૧૬૬ ઘટી રૂ.૩૨૮ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો નેચરલ ગેસ જૂન રૂ.૫૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૨.૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૪ અને નીચામાં રૂ.૯.૧૫ રહી, અંતે રૂ.૨.૬૦ ઘટી રૂ.૯.૯૦ થયો હતો. જ્યારે ક્રૂડ તેલ જુલાઈ રૂ.૮,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૦૩ ખૂલી, ઊપરમાં રૂ.૩૮૫.૯૦ અને નીચામાં રૂ.૩૦૩ રહી, અંતે રૂ.૭૪.૨૦ વધી રૂ.૩૭૬ થયો હતો. સોનું જુલાઈ રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૭૨૦ અને નીચામાં રૂ.૫૫૧.૫૦ રહી, અંતે રૂ.૧૪.૫૦ વધી રૂ.૭૦૫ થયો હતો. ચાંદી જૂન રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪૫૧.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૬૦ અને નીચામાં રૂ.૩૮૯ રહી, અંતે રૂ.૫૦.૫૦ ઘટી રૂ.૬૨૭.૫૦ થયો હતો. સોનું-મિનીજૂન રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૩૩ અને નીચામાં રૂ.૨૦૦ રહી, અંતે રૂ.૭ ઘટી રૂ.૩૧૫ થયો હતો.

### રાજ્ય તરફથી બેઠક દિઠ અલાયદા ઓબ્ઝર્વર નિમવા ચુંટણી સમક્ષ માગણી થશે

# ચૂંટણી ઓબ્ઝર્વર તરીકે ગુજરાત બહારથી ૧૦૦ આઇએએસ, ૯૦ આઇપીએસ અને ૧૫૦ આઇઆરએસ આવશે

નવીદિલ્હી,તા.૧૬

ગુજરાત વિધાનસભાની ચુંટણી ગમે ત્યારે જાહેર થઈ શકે છે. ઈલેક્શન કમિશન ઈન્ડિયા માટે આ વેળાએ સોશિયલ મિડિયા અને તેના કારણે ઉદ્દભવનારા લો- એન્ડ ઓર્ડરના પ્રશ્નો તેમજ ઉમેદવારો, રાજકીય પાર્ટીઓનો પ્રચાર ખર્ચ સૌથી મોટો પડકાર સર્જી શકે તેમ છે. પંચ ના ગુજરાત સ્થિત એકમ તરફથી ૧૮૨ બેઠકોમાં પ્રત્યેક મતક્ષેત્રોમાં અલાયદા ચૂંટણી નિરીક્ષક (ઓબ્ઝર્વર) નિમાવા પૂર્વ તૈયારી શરૂ થઈ છે. આથી, આગામી ચૂંટણી સંચાલનમાં રાજ્યના વહિવટી તંત્ર, સ્ટેટ કેડર તેમજ ચૂંટણીના ઉમેદવારો, રાજકીય પક્ષો, પ્રચાર- પ્રસાર તંત્ર અને તેમની ગતિવિધી પર દેખરેખ, નિયંત્રણ રાખવા ગુજરાત બહારથી અન્ય રાજયોના ૧૦૦થી વધુ આઇએએસ,૯૦થી વધુ આઈપીએસ અને એકાઉન્ડ એન્ડ ઓડિટ, ઈક્મટેક્સ સહિતની કામગીરી કરતા ૧૫૦ જેટલા આઇઆરએસ (રેવન્યુ કેડર) ઓફિસરો ઈલેક્શન ઓબ્ઝર્વર તરીકે આવશે એમ મનાય છે.

જો કે ટોચના અધિકારીએ કહ્યુ કે, હજી ચુંટણી પંચ તરફથી ઓબ્ઝર્વરની માંગણી સંદર્ભે સુચના મળી નથી. આ એક રૂટિન પ્રેક્ટિશ છે. દરખાસ્ત તૈયાર થશે ત્યારે આ વખતની ચૂંટણીમાં ખર્ચ ઓબ્ઝર્વર પ્રત્યેક બેઠકદિઠ ઉપલબ્ધ કરાવવાની બાબત વિચારણા હેઠળ છે. તદ્ઉપરાંત કાયદો- વ્યવસ્થાની જાળવણી, ચૂંટણી સંચાલન ક્ષેત્રે અન્ય રાજયોમાંથી ઓબ્ઝર્વર તરીકે ફાળવવામાં આવતા આઈએએસ આઈપીએસનું સંખ્યાબળ વધારાવા વિનંતી થશે.

ચૂંટણીમાં બહારથી આવતા ઓબ્ઝર્વર્સની ભૂમિકા જોઈએ તો ચૂંટણીમાં પ્રચાર- પ્રસાર માટે થતા ખર્ચ, મતદારોને ખરીદવા કે લાલચ આપવાની બાબતો, ગેરકાયદે નાણાકીય હેરફેર ઉપર નિયંત્રણ. દારૂબંધીનો અમલ, સોશિયલ મિડીયાનું સુપરવિઝન તેમજ કાયદો- વ્યવસ્થાના પાલન, ભય મુક્ત ચૂંટણી યોજાય તે દિશામાં કાર્યવાહી. ચૂંટણી જાહેરાતથી લઈને મતગણતરી અને વિજેતા ઉમદેવારની જાહેરાત સુધી સમગ્રતયા પારદર્શકપણે ચૂંટણીનું સંચાલન કરાવવવુ.

# ડાંગ જિલ્લામા કેન્દ્ર સરકારની યોજનાઓના લાભાર્થીઓ સાથે મંત્રીશ્રીએ સંવાદ સાધ્યો

આહવા : ૧૬ : રાજ્યમા કેન્દ્ર સરકારની ૮ વર્ષની ઉપલબ્ધીઓ, ગરીબ કલ્યાણ, સેવા સુશાસન કાર્યક્રમ આહવા ખાતેના ડાંગ દરબાર હોલમા યોજાયો હતો.

આ કાર્યક્રમના મુખ્ય અતિથી વિશેષ તરીકે પધારેલા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના મંત્રી શ્રી જીતુભાઇ ચૌધરીએ, ડાંગ જિલ્લામા કેન્દ્ર સરકારની યોજનાઓના લાભાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો.

દરમિયાન પ્રધાનમંત્રી આવાસ યોજનાના આહવા ગામના લાભાર્થી શ્રીમતી નલીનીબેન પવારે ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, તેઓ પહેલા કાચા મકાનમાં રહેતા હતા. પરંતુ પી.એમ.આવાસ યોજનાનો લાભ મળતા તેઓએ પાકું મકાન બનાવ્યુ છે, અને હવે તેઓ સહપરિવાર સારી રીતના રહી શકે છે. પી.એમ ઉજ્જ્વલા યોજનાના લાભાર્થી શ્રીમતી પૂર્વીશાબેન ચૌધરીએ કહ્યુ હતુ કે, પહેલા તેઓ જંગલમાંથી લાકડા લાવીને રસોઈ બનાવતા હતા. પરંતુ પી.એમ. ઉજ્જ્વલા યોજના અંતર્ગત મફત ગેસ કનેક્શન મળતા, તેઓને હવે ચોમાસાની ઋતુમા લાકડા લેવા જવાની ફરજ પડતી નથી.

આઈ.સી.ડી.એસ માંથી પોતાના બાળક માટે સંજીવની દૂધ મેળવનાર ક્લાબહેને, મંત્રીશ્રી સાથે સંવાદ કરતા જણાવ્યુ હતુ કે, તેઓને માતૃશક્તિના ૪ પેકેટ પણ મળે છે, સાથે જ સંજીવની દૂધ મળવાના કારણે બાળકના વજનમાં વધારો થયો, અને બાળકનુ આરોગ્ય ખૂબ જ સારું રહે છે. તેમજ પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડ યોજનાના લાભાર્થી વિકાસભાઈ દેવરામે મંત્રીશ્રી સાથે સંવાદ કરતા જણાવ્યુ હતુ કે, ખાનગી હોસ્પિટલમા તેમના પત્નીની ડિલિવરી કરાવતા હોસ્પિટલ બિલ ૧.૮૦ લાખ થયુ હતુ. પરંતુ આયુષ્યમાન કાર્ડ યોજના અંતર્ગત તેઓને એકપણ રૂપિયો આપવાનો થયો નથી. સરકારશ્રીના યોજના અંતર્ગત આયુષ્યમાન કાર્ડ દ્વારા હોસ્પિટલમા બિલ ચુકવણી થઈ હતી. તેથી તેઓએ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો લાભ મેળવનાર આહવાના વતની શ્રમતી રેખાબેન સિંદેએ જણાવ્યુ હતુ કે, તેઓ મજૂરીકામ કરીને પોતાનુ ગુજરાન ચલાવે છે. કોરોના દરમિયાન તેઓને મફત અનાજ મળ્યુ છે. દર વ્યક્તિ દીઠ તેઓને અનાજ મળતુ હતુ.

મંત્રીશ્રી જીતુભાઇ ચૌધરીએ કહ્યુ હતુ કે, દક્ષિણ ગુજરાતમા ચોખાની વધુ જરૂરિયાત હોઈ સરકારશ્રી દ્વારા ચોખાના પ્રમાણમા વધારો કર્યો છે. પાણી પુરવઠાની યોજના જલ જીવન મિશન અંતર્ગત ઘર ઘરપાણી મેળવનાર શ્રી હીરાભાઈ રાઉતે જણાવ્યુ હતુ કે, આજથી ૨૦ વર્ષ પહેલા ટેક્રર દ્વારા પાણી મગાવવુ પડતુ હતુ. મહિલાઓને નદીએ પાણી લેવા જવું પડતું હતુ. જેના કારણે બાળકો તેમજ ઘરના કામમા જ સમય વેડફાઈ જતો, પરંતુ હવે ઘર ઘર નળ કનેક્શન હોવાના કારણે ઘરે પાણી આવતુ થયુ છે, અને સમયની બચત થઈ છે. ઉનાળા દરમિયાન પાણીની તંગી પડતી હોવાથી, સરકારશ્રી દ્વારા દક્ષિણ ગુજરાતમા નાના મધ્યમ કદના ડેમ બનાવવામા આવી રહ્યા છે, તેમ મંત્રીશ્રીએ પ્રત્યુત્તરમા જણાવ્યુ હતુ. કેન્દ્ર સરકારની યોજનાઓના લાભર્થીઓ સાથે પ્રજા સંવાદ કાર્યક્રમમા, ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ મંગળભાઈ ગાવીત, ડાંગ- વલસાડ સાંસદશ્રી ડો.કે.સી.પટેલ, ડાંગ જિલ્લા કલેક્ટરશ્રી ભાવિન પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો.વીપીન ગર્ગ, પ્રાયોજના વહીવટીદાર શ્રી કે.જે.ભગોરા, પ્રાંત અધિકારીશ્રી આર.એમ.જાલંધરા, ભાજપ પાર્ટી પ્રમુખ શ્રી દશરથભાઈ પવાર, સુરત જિલ્લા પ્રભારી શ્રી ભરતભાઇ રાઠોડ, આદિજાતિ વિકાસ નિગમના ડિરેક્ટર શ્રી બાબુરાવભાઈ ચોર્યા, ડાંગ જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિના અધ્યક્ષ શ્રીમતી હેતલબેન, આહવા તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી કમળાબેન રાઉત, ભાજપના મહામંત્રી શ્રી કિશોરભાઈ ગાવીત, શ્રી રાજુભાઇ ગામીત, માજી જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી બીબીબેન ચૌધરી, આહવા તાલુકા પંચાયતના ઉપપ્રમુખ દેવરામભાઈ, સામાજિક કાર્યકર શ્રી રમેશભાઈ ચૌધરી તેમજ પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા.

નરેન્દ્ર પવાર,ડાંગ

### આ વર્ષના આંતરરાષ્ટ્રિય યોગ દિવસની મુખ્ય થીમ 'યોગ ફોર હ્યુમેનિટી : માનવતા માટે યોગ'ને ધ્યાને રાખી કાર્યક્રમોનુ કરાયુ આયોજન

# ડાંગ જિલ્લામા આગામી ૨૧મી જૂને ઉજવાનારા આંતરરાષ્ટ્રિય યોગ દિવસની ઉજવણી કાર્યક્રમને અપાયો આખરી ઓપ

આહવા: તા: ૧૬: આઠમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ગરીમાપૂર્ણ ઉજવણી કરવાના ભાગરૂપે ડાંગ જિલ્લાનો, જિલ્લા કક્ષાનો કાર્યક્રમ ઐતિહાસિક ડાંગ સ્વરાજ આશ્રમ ખાતે આયોજિત કરાયો છે. જ્યારે તાલુકા કક્ષાના કાર્યક્રમો (૧) આહવા તાલુકો : રંગ ઉપવન, આહવા (૨) વઘઇ તાલુકો : સરકારી ખેતીવાડી માધ્યમિક શાળા, વઘઇ અને (૩) સુબિર તાલુકો : નવજ્યોત હાઇસ્કુલ, સુબિર ખાતે આયોજિત કરાયા છે.આ અંગેની મીડિયાકર્મીઓને જાણકારી આપતા કલેકટર શ્રી ભાવિન પંડ્યાએ, જિલ્લા કક્ષાના કાર્યક્રમમા અંદાજે ૩ હજાર તથા તાલુકા કક્ષાના કાર્યક્રમોમા ૫૦૦ લેખે ૧૫૦૦ લોકોની ભાગીદારી કેળવવાનો લક્ષ નીર્ધાર કરાયો છે, તેમ જણાવ્યુ હતુ. જ્યારે સમગ્ર જિલ્લામા જિલ્લાથી લઈને ગ્રામ્ય કક્ષા સુધીના ૮૮૯ સ્થળોએ આયોજિત કાર્યક્રમોમા ૯૨ હજાર ૨૨૫ જેટલા પ્રજાજનોને જોડવાનો લક્ષ નિયત કરાયો છે તેમ ઉમેર્યું હતુ. ઉલ્લેખનિય છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી 'વિશ્વ યોગ દિવસ'ના દેશભરના કાર્યક્રમોમા વર્ચુઅલ ઉપસ્થિત રહી, પ્રેરણાદાયી સંબોધન કરશે. જેનુ રાજ્ય સમસ્તની જેમ અહીં પણ કાર્યક્રમ સ્થળોએ પ્રસારણ કરાશે. 'આઝાદી કા અમૃત મહોત્સવ' : સ્વતંત્રતાના ૭૫ વર્ષની ઉજવણીના અનુસંધાને, આ વર્ષનો 'વિશ્વ યોગ દિવસ' રાજ્યમા કુલ ૭૫ આઇકોનીક સ્થળોએ પણ ઉજવવામા આવી રહ્યો છે. ત્યારે ડાંગ જિલ્લામા પણ ઐતિહાસિક, સાંસ્કૃતિક, અને નૈસર્ગીક સ્થળોએ કાર્યક્રમના આયોજન ઉપર જિલ્લા વહીવટી તંત્રે વિશેષ ભાર મુક્યો છે તેમ જણાવતા કલેક્ટરશ્રીએ, આ વર્ષે યોગ ને પ્રવાસન સાથે જોડીને, રાજ્યની પ્રવાસન પ્રવૃત્તિને પણ વેગ આપવાનુ આયોજન રાજ્ય સરકારે કર્યુ છે તેમ જણાવ્યુ હતુ.

સાથે જિલ્લા, તાલુકા કક્ષા ઉપરાંત શાળા/કોલેજો, આઈ.ટી.આઈ., આરોગ્ય કેન્દ્રો, પોલીસ સ્ટેશન અને જેલ સહિતના સ્થળોએ પણ કાર્યક્રમોનુ આયોજન કરાઈ રહ્યુ છે, તેમ જણાવી શ્રી પંડ્યાએ, ડાંગ જિલ્લામા જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સ્તરની ઉજવણીમા અંદાજે ૯૨ હજાર ૨૨૫ થી વધુ લોકોને યોગમય બનાવી ઉજવણી કરવાનો લક્ષ નીર્ધાર કરાયો છે તેમ કહ્યું હતુ.

ડાંગ જિલ્લાના કાર્યક્રમ અંગેની માહિતી આપતા કલેકટર શ્રી ભાવિન પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો.વિપિન ગર્ગ તથા જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓએ, જિલ્લાના સંબંધિત અમલીકરણ અધિકારીઓ સહીત, સામાજિક/ સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ, જિલ્લાના પદાધિકારીઓ, સામાજિક કાર્યકરો, યોગ બોર્ડના પ્રતિનિધિઓ અને ટ્રેનરો સાથે શ્રેણીબદ્ધ બેઠકો યોજી, સ્થળ મુલાકાત લીધી હતી.

સમગ્ર કાર્યક્રમની જાણકારી જિલ્લાના મિડીયાકર્મીઓને આપતા આ વરિષ્ઠ અધિકારીઓએ પત્રકારો સાથે સંવાદ પણ સાધ્યો હતો. આ વેળા નિવાસી અધિક કલેકટર શ્રી પદ્મરાજ ગાવિત, જિલ્લા રમતગમત અધિકારી શ્રી વિરલ પટેલ સહિતના પ્રશાસનિક અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનિય છે કે, ડાંગ સહીત રાજ્યની ૪૫ હજાર પ્રાથમિક શાળાના ૮૪ લાખ ૬૫ હજાર વિદ્યાર્થીઓ તેમજ ૩ લાખ ૨૩ હજાર શિક્ષકો આઠમા વિશ્વ યોગ. દિવસની ઉજવણીમા જોડાશે. આ ઉપરાંત ૧૨ હજાર ૫૦૦ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ૨૮ લાખ ૪૩ હજાર વિદ્યાર્થીઓ, અને ૮૯ હજાર શિક્ષકો પણ આ ઉજવણીમા જોડાશે. ૨૬૦૦ યુનિવર્સિટી-કોલેજીઝના ૧૬ લાખ ૧૪ હજાર વિદ્યાર્થીઓ, અને ૬૦ હજાર અધ્યાપકો યોગ દિવસની ઉજવણીમા સહભાગી થશે. રાજ્યની ૨૮૭ આઈ.ટી.આઈ. દીઠ ૧૦૦ વિદ્યાર્થીઓ એમ કુલ ૨૮ હજાર ૭૦૦ વિદ્યાર્થીઓ યોગ દિવસની ઉજવણીમા જોડાશે. રાજ્યના ૧૪૭૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, અને ૬૫૦૦ પેટા કેન્દ્રો પર કુલ ૧૨ લાખ ૭૦ હજાર ૪૦૦ લોકો યોગમય બનશે.

નરેન્દ્ર પવાર,ડાંગ

# સિંહોનું વેકેશન શરૂ, પ્રવાસીઓ માટે સાસણમાં સિંહ દર્શન બંધ

જૂનાગઢ,તા.૧૬

ગીરનો સિંહ દુનિયાભરનાં લોકો માટે આકર્ષણનું કેન્દ્ર છે. ત્યારે દેશ વિદેશથી પ્રવાસીઓ સિંહને જોવા આવતા રહે છે. ગીરમાં સિંહ દર્શન એક લાહવો છે ત્યારે આપણો સિંહ સચવાય અને સતત તેનું સંવર્ધન થાય તે મહત્વનું છે. આ ઋતુ સિંહોના સંવનનકાળ તરીકે હોવાથી આજથી એટલે કે ૧૬ જૂથથી ૧૫ ઓકટોબર સુધી સિંહોનું વેકેશન જાહેર કરવામાં આવ્યું છે. સાસણગીરમાં આગામી ચાર મહિના સિંહ દર્શન બંધ રહેશે. જો કે દેવળિયા પાર્ક અને આંબરડી પાર્ક ખુલ્લા રહેશે. જ્યાં પ્રવાસીઓ સિંહ દર્શનનો લાભ લઈ શકે છે.

રાજયમાં એક તરફ શાળાઓમાં વેકેશન પૂરું થતા શાળાઓમાં શિક્ષણકાર્ય શરુ થઈ ગયું છે. તો બીજી તરફ સિંહોનું વેકેશન શરુ થયું છે. જેથી આજથી ચાર માસ સુધી ગીરમાં અભ્યારણ્ય વિસ્તારમાં સિંહ દર્શન બંધ રહેશે. માત્ર દેવળિયા અને આંબરડીપા ખુલ્લા રહેશે. એશિયાટિક સિહોના એકમાત્ર નિવાસ સ્થાન ગણાતા ગીર નેશનલ પાર્કમાં આવતીકાલ ૧૬ જુન થી ૧૫ ઓકટોમ્બર સુધી ચાર મહિના સુધી પ્રવાસીઓ સિંહના દર્શન કરી શકશે નહી.

# હવે આપણને વિશ્વ ગુરૂ બનતા કોઇ પણ મહાસતા કે તાકાત રોકી શકે નહીં. જય હો!!

યુગોથી પ્રાચીન અને અર્વાચીન વચ્ચે ખૂંખાર લડાઇ ચાલી રહી છે. વલ્લકલ પહેરનારને ધોતી કે ધોતિયું પહેરનાર સામે ઉગ્ર વિરોધ છે.ધોતિયું પહેરનારને પેન્ટ પહેરનાર સામે તીવ્ર વાંધા વિરોધ છે. પેન્ટ પહેરનારને શોર્ટસ પહેરનારને સામે વાંધો છે.

આ જ રીતે પંજાબી ડ્રેસ પહેરનાર મહિલા માટે કછોટાધારી સાડીધારી બેનોનો વિરોધ હોય છે. જીન્સ-ટીશર્ટ પહેરનારી આધુનિકા સામે સાડીધારીનો સદૈવ મોરચો મંડાયેલો હોય છે!!

લાડુ-લાપશી સામે કેક અને રોટલા સામે પિત્ઝા, નારિયેળ પાણી સામે કોલ્ડ ડ્રિંક સામે વિરોધ હોય છે.ખીચડી સામે બિરયાનીનો મોરચો મંડાયેલો હોય છે!!

એક પેઢી નોસ્ટાલજિયા એટલે કે ભૂતકાળને ગાય-ભેંસની માફક વાગોળે છે. એમને જૂનું બધું સારૂ લાગે છે, નવું બધુ નકામું લાગે છે. બંને સામસામે એકમેકને ભાંડે છે!!

એક સમયે પતિ નિધન પામે પછી નવવિધવા પતિની ચિંતા પર ચડીને સ્વૈચ્છિક રીતે સતી હતી. રાજા રામમોહન રાયે રજૂઆત કરતાં વિલિયમ બેન્ટિકે સતી પ્રથાને રદ કરી હતી. તે જમાનામાં પુરૂષ પત્નીની ચિતા પર ચડીને સતો થયો હોય તેમ જણાતું નથી. ઉલ્ટાનું પુનઃલગ્ન કરવાની ઈચ્છા ધરાવનાર પતિ તેની પત્નીને અંતિમ વિદાય આપવા સ્મશાને પણ આવતો ન હતો!!

પંચતંમની વાર્તામાં મંદગતિ અને ઝડપી ગતિની સ્પર્ધા કાચબા અને સસલાની દોડ તરીકે આલેખવામાં આવેલ છે. જેમાં કાચબો વિરામ લીધા સિવાય લક્ષ્યાંક પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ચાલીને જીત મેળવે છે!!

હિન્દી સિનેમાના માઈલસ્ટોનસમાન ઓલ ટાઇમ ગ્રેટ સિનેમા " નયા દૌર" માં પ્રાચીન સભ્યતા અને નવી સભ્યતા વચ્ચેની કશ્મકશ કલાત્મક રીતે રજૂ થઇ છે. કેસરી કસમના રાજકપૂરની માફક દિલીપકુમાર કોચવાન કે ટાંગેવાલા હોય છે. અલબત, મર્દ ટાંગેલાલા ગીતના અમિતાભ બચ્ચન જેવો મારધાડ ટાંગેવાલા ન હતો. વિક્ટોરિયા ૨૦૩ ના અશોકકુમાર જેવો દો બિચારે બિના સહારે કુછ કુછ કરે ટાઇપ પણ ન હતો.

વિલન-જીવન-અજીત વિલન હોય છે.જીવનની બસ સેવા હોય છે.ગામમાં આધુનિતા લાવવાનો હિમાયતી હતો. જેના લીધે પરંપરાગત વ્યવસાયમાં પ્રવૃત લોકો બેરોજગાર થઇ જવાની ભીતિ હતી. દિલીપકુમાર ગામના જમીનદારને રજૂઆત કરે છે. જમીનદાર ટાંગા અને બસ વચ્ચે સ્પર્ધા કરવા અને જેની જીત થાય તે મુજબ ગામમાં વ્યવસ્થા સુનિશ્ચિત થશેતેમ જણાવ્યું.

ગામમાં એક દિવસ ટાંગા અને બસની હરીફાઈ થઇ!! અનેક આરોહઅવરોહના અંતે દિલીપકુમારની જીત થઇ!! ઓ. પી. નૈયરનું બહેતરીન સંગીત અને બી.આર. ચોપડાનું દિગ્દર્શન ફિલ્મનું જમા પાસુ હતું. "ઉડે જબ જબ ઝૂલ્ફે તેરી " જેવું કર્ણમંજુલ ગીત ઓલ ટાઇમ હીટ હતું . સને ૧૯૮૦માં સ્કાયલેબ તૂટી જવાની હતી ત્યારે ઘણા લોકો શહેર છોડીને ગામડામાં સાથે મરવા પહોંચી ગયા હતા. કૂવામાં ખાટલા ઉતારી અંદર જતા રહેલા!!

મોગલો ભારતમાં તોપ અને દારૂગોળા જેવા આધુનિક શસ્ત્રો સાથે ચડાઇ કરી હતી ત્યારે તેનો સામનો કરવા માટે રાજાઓ આધુનિક હથિયારોને બદલે તીરકામઠા, તલવાર, ભાલા, ઘોડા,હાથીથી લડ્યા અને મચ્છરની જેમ ખપી ગયા!!

તમને એ થશે કે આ વાતોનો શું મતલબ છે??

હમણાં એક ઘટના બની. દહેગામ તાલુકાના ઉત્કંઠેશ્વર મહાદેવ રોડ પર આવેલા હરખજીના મુવાડા, પાલુંદ્રા અને દેવકરણના મુવાડામાં ગઈકાલે મંગળવારે રાત્રે અચાનક દસેક જેટલા ડ્રોન ઘોંઘાટ સાથે આવી પહોંચતા ગ્રામજનોમાં કુતૂહલની સાથે ફફડાટ ફેલાઈ ગયો હતો. આ મામલે સ્થાનિક ધારાસભ્યથી માંડીને આખું દહેગામ વહીવટી તંત્ર ગાઢ નિદ્રામાં રહ્યું હતું. રાત્રીના બારેક વાગ્યાના અરસામાં અચાનક ઘોંઘાટ સાથે ડ્રોન આવી ચડ્યા હતા. જેનાં કારણે ગ્રામજનો જાગી ગયા હતા. આશરે ત્રીસેક ફૂટની ઊંચાઈએ ડ્રોન ઊડવાના કારણે ગ્રામજનો ફફડી ઉઠ્યા હતા. જેમાં ઘણા ગ્રામજનોએ ડરના માર્યા લાકડીઓ, ધોકા જેવા હથિયારો પણ હાથમાં લઈ લીધા હતા.

બોલો ઊડતા ડ્રોનને હણવાનો કેટલો ઇન્ટેલિજન્ટ અને અલ્ટ્રા મોડર્ન ઈન્સ્ટૂમેન્ટ!! હવે આપણને વિશ્વ ગુરૂ બનતા કોઇ પણ મહાસતા કે તાકાત રોકી શકે નહીં. જય હો!!

ભરત વૈષ્ણવ

---

ખામોશ

હું વડદાદા પાસે રોજ જતો,
ચપ્પલ કાઢી વડદાદા પાસે જતો,
વડદાદો પાંદડા હલાવી સ્વાગત કરતો,
વડદાદાને અઢેલી ,ધૂળમાં પલાંઠી મારી બેસતો.
બંધ પંખીનો કલરવ ઘૂંટડે ઘૂંટડે પીતો,
વડદાદાની દાઢીને પસવારતો,
વડદાદો ચકલી મેનાની વાત કરતો,
ઈંડાનું કોચલું તોડી જન્મતા બચ્ચાઓનું વિસ્મય જોતો,
વડદાદા. પંખીઓ ,બચ્ચાઓ સ્વજન .
મારી પાસે આ ઉત્તમ સમય હતો.
મારી પાસે શ્રેષ્ઠ સત્સંગ હતો.
હવે હું ટેકનોસેવી થયો,
મારી પાસે એનરોઈડ મોબાઈલ છે,
રોજનું ચાર જીબીનું નેટ છે,
હજી વડલા પાસે જઉં છું,
ખુરશી લગાવી બેસુ છું,
ચપ્પલ ઉતારતો નથી,
જમાદાર કે ગવંડરની અકકડથી બેસું છું.
વડલાની દાઢી સામે જોતો નથી,
વડલા સાથે સ્વાદ કરતો નથી,
પંખીના બચ્ચાનું વિસ્મય જોતો નથી.
પંખીના કલરવને પીતો નથી,
કોઈ સાથે સ્નાનસૂતકનો સંબંધ નથી,
વડલો અનાથાશ્રમમાં વસતો કોઈ ત્યક્ત સગો.
મારી જાતને મારામાં પરોવી લઉં છું,
મોબાઈલ લઈ ચકલી- ટ્વિટર પર ચીંચીં કરૂં છુ,
ઈન્સ્ટામાં , ફેસબુકમાં રમમાણ રહું છું,
હું ખામોશ
વડલો ખામોશ.
પંખીઓ ખામોશ.
સંધ્યા પસાર થાયને રાતના ઓળા ઉતરે છે!!
ભરત વૈષ્ણવ

# અવધૂત ગુરૂ દત્તાત્રેય અને તેમના ૨૪ ગુરૂઓ (ભાગ-૧)



ભારતીય ઈતિહાસમાં એક મહાન ઋષિ થઇ ગયા,જેમનું નામ હતું:ગુરૂ દત્તાત્રેય. એકવાર યાદવ કૂળના પ્રમુખ યદુ મહારાજ તેમને મળવા આવ્યા અને પ્રશ્ન પુછ્યો કે:મહાત્માજી ! આપ આટલા મહાન જ્ઞાની, વ્યવહાર કુશળ અને દરેક પ્રકારે જીવનમાં સફળ કેવી રીતે બન્યા? આ ભયાનક ખટપટથી ભરેલા સંસારમાં રહીને તમારી બુધ્ધિમત્તા,કર્મનિપુણતા,દક્ષતા અને તેજસ્વીતા કેવી રીતે ટકી રહી? કામ,ક્રોધમાં બળવાવાળી આ દુનિયામાં રહીને સમાધાની, તૃપ્ત,સંતૃષ્ટ અને પ્રસન્ન તમે કેવી રીતે રહી શકો છો?

અવધૂત ગુરૂ દત્તાત્રેય ઋષિએ સમજાવ્યું કે હે રાજા ! મેં બૃધ્ધિના વિકાસ માટે તથા વિશ્વમાં પોતાને સુરક્ષિત અને સફળ બનાવવા કુલ ૨૪ જીવો તથા પદાર્થોની પાસેથી તેમને ગુરૂ માનીને તેમની પાસેથી બોધ પ્રાપ્ત કર્યો છે.પોતાની સન્મુખ ઉપસ્થિત તમામ પદાર્થોના વિશેષ ગુણોને સમજીને તેને જીવનમાં અપનાવી લેવા,તેનામાંથી શિક્ષણ પ્રાપ્ત કરવું એ જ વાસ્તવિક શિષ્યભાવ છે.ઘણા લોકો એક જ ગુરૂ કે એક જ પ્રકારનું વિશેષ જ્ઞાન પ્રદાન કરે છે તેમની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવાનું ઈચ્છે છે પરંતુ ઋષિએ સમજાવ્યું કે: જ્યાં સુધી પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત ના થાય ત્યાં સુધી અલગ અલગ વિષયોના ગુરૂઓને ધારણ કરતા રહો.

(૧)પૃથ્વી: પૃથ્વીને સર્વપ્રથમ ગુરૂ માનીને મેં તેનામાંથી સહનશીલતાનો તથા ક્ષમાશીલતાનો ગુણ લીધો છે. પૃથ્વીના એક ભાગને પર્વત કહેવામાં આવે છે.પર્વતમાંથી નીકળતી નદીઓ અને વૃક્ષો પાસેથી મને પરોપકાર કેવી રીતે કરવો? તેનો બોધ મળ્યો છે.

(૨)જળતત્વ: પાણી પાસેથી મેં સમતા,શિતળતા,નિરહંકારીતા અને ગતિશીલતાનો બોધ લીધો છે.પાણી પાસે અલૌકિક સમતા છે,તે ગરીબ શ્રીમંત બધાની પાસે છે,તે બધાના જીવનમાં ઉત્સાહ આપે છે.ઉંઘમાંથી ઉઠ્યા પછી આંખ ઉપર પાણી છાંટતાં જ શિતળતા,સ્ફુર્તિ અને ઉત્સાહ આપે છે,તે બધી જગ્યાએ જાય છે તેથી નિરહંકારી છે.પત્થરની માફક પાણી સ્થિર નથી,તેમ આપણું જીવન પણ ગતિશીલ હોવું જોઇએ.

(૩)અગ્નિ: મારા ત્રીજા ગુરૂ અગ્નિ છે.અગ્નિમાં તેજસ્વીતા, પરપીડાનિવારકતા, પરિગ્રહશૂન્યતા, નિર્મળતા, પાવકતા અને લોકસંગ્રહ છે.સાધના કરવી હોય તો આ બધા ગુણો જીવનમાં લાવવા પડશે.અગ્નિ્ લાકડામાં ગુપ્ત રહે છે તેમ સાધકે પણ પોતાની આધ્યાત્મિક શક્તિ ગુપ્ત રાખવી જોઇએ.પોતાની શક્તિ ગુપ્ત રાખવાનો બોધ સાધકે અગ્નિ પાસેથી લેવાનો છે.

(૪)વાયુ: વાયુ મારો ચોથા ગુરૂ છે.તેની પાસેથી હું સંગ્રહ ન કરવો, ગતિ, નિર્લિપતા અને અપરીગ્રહતાની વાતો શિખ્યો છું. વાયુ એટલે અંદર રહેવાવાળો પ્રાણવાયુ અને બહાર ફરવાવાળો વાયુ. અંદર રહેવાવાળો પ્રાણવાયુ જેટલાથી શરીર ચાલે તેટલો જ વાયુ ઉપાડે છે,તેવી જ રીતે જીવનમાં જરૂરી હોય તેટલા જ વિષયભોગ લેવા જોઇએ.આમ સંગ્રહ ના કરવો એ એક પ્રકારનો વિકાસ છે.તે હું વાયુ પાસેથી શિખ્યો છું. બહાર ફરવાવાળો વાયુ ફુલની સુગંધ તથા દુર્ગંધ બંને લઇને આવે છે.સુગંધ તથા દુર્ગંધ બંનેને આશ્રય આપીને પોતે અલિપ્ત રહે છે.નિર્લિપતા અને અપરીગ્રહતા..આ બે વાતો હું વાયુ પાસેથી શિખ્યો છું.

(૫)આકાશ: જીવનમાં આકાશના જેવી વ્યાપકતા-વિશાળતા હોવી જોઇએ તે હું આકાશ પાસેથી શિખ્યો છું. આકાશ બધાને પેટમાં રાખે છે તેમ મારે પણ આગળ વધવું હશે તો બધું પેટમાં રાખવું પડશે. જીવન આકાશ જેવું હોવું જોઇએ.આકાશ કાલાતીત છે.આપણે પણ ત્રણ કાળમાંથી પસાર થવાનું છે.ભૂતકાળની ચિંતા નહી, ભવિષ્યના મનોરથો નહી અને વર્તમાનકાળને ચિંટકેલા નહી.ભૂતકાળ આપણા ઉપર પરીણામ કરે છે.ભવિષ્ય કાળ આપણને પ્રેરણા આપે છે અને વર્તમાનકાળમાં આપણે રહેવાનું છે.આ ત્રણેય કાળથી અતિત બનવાનું છે.વર્તમાન સારો હોય તો તેની આસક્તિ નહી, ખરાબ હોય તો તેનો તિરસ્કાર નહી. આમ આકાશ જેવા નિર્મળ, નિઃસંગ, વ્યાપપક અને નિર્લેપ થવું જોઇએ તે હું આકાશ પાસેથી શિખ્યો છું.

(૬)ચંદ્ર: મારા છઠ્ઠા ગુરૂ ચંદ્ર છે.ચંદ્રમાની કળા વધે છે અને ઘટે છે તેમ આ શરીરની અવસ્થા "અસ્થિ જાયતે વિપરિણમતે અપક્ષીયતે અને નશ્યતિ" આ ક્રમ છે.ચંદ્ર પાસેથી મને દેહની ક્ષુદ્રતા અને આત્માની અમરતાનું શિક્ષણ મળ્યું છે.મારે ક્યાં અને ક્યારે મરવાનું તે ખબર નથી એટલે જ્યાંસુધી આ શરીર છે ત્યાં સુધી પ્રભુનું કાર્ય કરી લેવું,સત્કર્મ કરવું હોય તો આજે જ કરી લો, આવતી કાલ ઉપર ના છોડવું. શુકલ પક્ષમાં બધા ચંદ્ર તરફ જુવે છે પરંતુ કૃષ્ણ પક્ષમાં એના તરફ કોઇ જોતું નથી, છતાં તે એટલો જ શાંત, સ્વસ્થ અને સમાધાની છે.આપણા જીવનમાં પણ એક દિવસ એવો આવશે કે જયારે આપણી કોઇને જરૂર નહી હોય,કોઇ આપણને પુછશે પણ નહી,આપણા અસ્તિત્વની કોઇ નોંધ પણ નહી લે,તેમછતાં તે વખતે તેવી જ શાંત અને સમાધાની વૃત્તિથી જીવવાનું શિક્ષણ ચંદ્ર પાસેથી લેવાનું છે.

(૭)સૂર્ય: સૂર્ય પાસેથી તેજ તથા પોતાની ચમકથી બીજાઓને જીવિત રાખવા એ બોધ મળે છે.સૂર્ય પાસે ઉપકારકતા પ્રકાશમયતા નિર્લેપતા અને નિષ્કામતા..જેવા ગુણો છે.આપણા જીવનમાં પણ આ ગુણો આવવા જોઇએ.આજનો માનવ રાગ-દ્રેષ-મત્સર-દિનતા..વગેરેના અંધકારમાં ફસાયેલો છે. તેમની પાસે આશા-ઉલ્લાસ અને પ્રેમનો પ્રકાશ લઇ જવાનો છે, એ જ સાચી સૂર્ય ઉપાસના છે. સૂર્ય પાસે નિર્લેપતા છે. ચોમાસામાં વાદળ આવે છે, ધૂળ ઉડે છે તેનાથી ઢંકાઇ જવા છતાં સૂર્ય નિર્લેપ રહે છે.આપણે પણ જગતમાં ફરવાનું છે તેથી કચરો આવવાનો જ ! પરંતુ સૂર્ય પાસેથી આવી નિર્લેપતા લેવાની છે.ઉપકાર કરવો જોઇએ અને તેનું સાતત્ય ટકવું જોઇએ.

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનાએ ઘણા લારી-ગલ્લાવાળાઓને વ્યાજખોરોના ચુંગલમાં જતા અટકાવ્યા છે.

# પ્રધાનમંત્રી સ્વનિધિમાંથી મળેલા રૂપિયા ૧૦ હજારથી ભાઉનો ટી- સ્ટોલ ફરી ચાલી ગયો

વિલાસભાઇ સૂર્યવંશી ( ભાઉ ચા-વાળા )

કોરોનાકાળને તો હેમખેમ કરી પાર પાડયો હતો. ધંધા-રોજગારની ધીમી ધીમી શરૂઆત થઇ હતી. પરંતુ મારી ટી- સ્ટોલનો આરંભ કરવા માટે રૂપિયા હાથ પર ન હતા. મારા ધંધામાં ભાઇ મારે માત્ર ચા- ખાંડ, દૂધ અને ગેસની બોટલ માટે માત્ર ૮ થી ૧૦ હજારની જરૂર હતી. આ રકમ આમ તો સામાન્ય છે, પણ કોરોના કાળ પછી કોણ ઉછીના આપે, તેવામાં ગાંધીનગર મહાનગરપાલિકા તરફથી પ્રધાનમંત્રી સ્વનિધિ સહાયમાંથી મળેલ રૂપિયા ૧૦ હજારે મારી ટી-સ્ટોલ ઉભી કરી આપી, તેવું સેકટર-૬ કડિયા નાકા પર મજાની ચા બનાવતા વિલાસભાઇ સૂર્યવંશીએ જણાવ્યું હતું.

જી.આર અને સી.આર. ની નગરની છબી ગાંધીનગર ધરાવે છે. હવે, આ નગરના વિકાસ સાથે તેણે શૈક્ષણિક નગરની છાપ ઉભી કરી છે. આ નગરમાં આજે એક કિલોમીટર ચો.મી.માં આપને ચાની લારી ન મળે, તેવું કદાચ ન બને. આજે નગરજનોમાં મિત્રો સાથે મુલાકાત, ધંધાકીય ચર્ચા કે અન્ય વાતો કરવા માટે ચા સ્ટોલ હોટફેરવિટ બની રહ્યા છે.

આજથી ૩૩ વર્ષ અગાઉ આવા જ સપનાઓની પોટલી બાંધી મહારાષ્ટ્રથી ગાંધીનગર કામ ધંધાની ખોજમાં વિલાસભાઇ સૂર્યવંશી ઉર્ફે ભાઉ,ગાંધીનગરમાં આવ્યા હતા. હાલમાં તેઓ વાવોલમાં રહે છે. તેમણે સેકટર ૬ના કડીયા નાકે ચા સ્ટોલની શરૂઆત કરી હતી. આજથી ૩૩ વર્ષ પહેલાં આ વિસ્તાર આટલો ધમધમતો નહીં, પણ વળી ત્રણ જણાનુ ભરણપોષણ થાય એટલુ મળી રહેતુ. એ વખતે બીજા રાજ્યમાંથી આવેલા હોવાથી અહીં કોઈ સહારો કે ઓળખ ન હતી. ધીમે ધીમે એમના મળતાવળા અને હસમુખા સ્વભાવથી તેઓએ તેમની ઓળખ ભાઉ-ચાવાળા તરીકે ઉભી કરી છે. આજે એમના બે દીકરાને પણ એમને આજ ધંધામાં મહેનત કરી ભણાવ્યા. મોટો દિકરો જીવન ભણવામાં કાચો હોવાથી તે પોતાના પિતા સાથે ચા સ્ટોલ પર મદદ કરે છે. જ્યારે નાનો દીકરો અજય સાયન્સ



ગ્રેજ્યુએટ થઇ ગયો છે. હાલમાં સરકારી કર્મયોગી બનવા માટે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહ્યો છે.

કોરોનાકાળ વખતે તેમના ધંધા સાવ બંધ થઈ ગયા અને પરિસ્થિતિ કફોડી બની ગઈ. વિલાસભાઇ જણાવે છે કે, એ ત્રણ મહિનાતો જેમ તેમ ઉધાર ઉછીના કર્યા, તેમની પત્નીની બચત આ બધામાંથી ઘર ચાલી ગયું. ધંધા ધીમે ચાલુ થવા લાગ્યા પણ મારી ટી-સ્ટોલ પાછી ચાલુ કરવા હવે હાથ પર રૂપિયા ન હતો. આ સમયે એમના નાના દીકરાને સરકારની સ્વનિધી યોજના અંગેની માહિતી મળી. તે અમારા પરિવાર માટે આશાનું કિરણ બન્યું. આ યોજના થકી અમને ખૂબ જ સરળતાથી ગાંધીનગર મહાનગરપાલિકામાં ફોર્મ ભરીને રૂપિયા ૧૦ હજારની સહાય મળી. આ સહાય થકી જે સ્વપ્ન પુરૂ કરવા વર્ષોથી આ નગરમાં મહેનત કરતાં હતા. તે સ્વપ્નને પૂર્ણ કરવા સરકારે અમારો હાથ પકડયો. સરકારે આપેલ આ નાની સહાય અમારા જેવા પરિવારને જીવન જીવવાનું બળ આપ્યું છે. કોરોનાકાળમાં પડી ભાગેલા મારા જેવા અનેક નાના ઘંઘા- રોજગાર કરતાને પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનાએ ઘણા લારી-ગલ્લાવાળાઓને વ્યાજખોરોના ચુંગલમાં જતા અટકાવ્યા છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

**NOG SS NO. 0081**



**વિષય : મેહુલિયો**
**પ્રકાર : પદ્ય**
**શીર્ષક : તું તો લાડકડો!**

**મેહુલિયા તને શું કહી તેડાવું, તું તો લાડકડો,**
**તારી છાબમાં મોતીડાં ?ભરાવું, તું તો લાડકડો.**
**તારી તો આભની અટારી, તું તો લાડકડો,**
**તારાં તો નભે છે મોટા મહેલ, તું તો લાડકડો.**
**તારાં વિરહે? પાગલ જગનો તાત, તું તો લાડકડો,**
**તારી રાહમાં આંખો ચૂવે એની, તું તો લાડકડો.**
**વાદળે સવાર થઈને આવજે , તું તો લાડકડો,**
**આવજે વહેલો ખેડુને ન સંતાપતો, તું તો લાડકડો.**
**વાદળે તું રમતો ગેડી દડો, તું તો લાડકડો,**
**શલાકા સાથે રમત ડરામણી, તું તો લાડકડો.**
**મેહુલિયા તું તો પ્રાણ ધરાનો, તું તો લાડકડો,**
**રૂઠતો,રિસાતો મા,તને મારા સમ, તું તો લાડકડો.**

**માયા દેસાઈ,મુંબઈ ભારત.**

# ગુજરાતનાં યાત્રાધામો તથા તાલુકાના બાકી રહેતા દરેક ૧૦ ગામ દીઠ 'કરૂણા એનીમલ એમ્બ્યુલન્સ-૧૯૬૨' તાત્કાલીક શરૂ કરવા મિતલ ખેતાણી દ્વારા મુખ્યમંત્રીશ્રીને રજૂઆત

ગુજરાતના ગામડાઓમાં બિનવારસુ પશુઓની સંખ્યા વધુ છે, તદઉપરાંત પશુ દવાખાનાનો તબીબી સ્ટાફ ગ્રામ્ય વિસ્તારોમાં પશુ કેશ હેન્ડલ કરવામાં દરેક જગ્યાએ પહોંચી શકતો ન હોય. જેથી ગુજરાતનાં તાલુકાનાં બાકી રહેતા દરેક ૧૦ ગામો દીઠ ૧૯૬૨ પશુ દવાખાનું (એમ્બ્યુલન્સ) તાત્કાલીક શરૂ થાય અને સ્થળ પર બિનવારસુ પશુને સારવાર મળે તેવી ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડ ઈન્ડીયાનાં મિતલ ખેતાણી દ્વારા ગુજરાતનાં જીવદયા પ્રેમી મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલને રૂબરૂ મળી રજૂઆત કરાઈ છે. ગ્રામ્ય વિસ્તારમાં કોઈપણ પ્રકારની એનીમલ એમ્બ્યુલન્સ ન હોવાના કારણે અકસ્માતમાં ઘવાયેલા, બિમાર પશુ-પક્ષીઓની સ્થળ પર જ, નિઃશુલ્ક સારવાર માટે ખૂબ જ મુશ્કેલી પડી રહી છે અને સારવારનાં અભાવે હજ્જારો પશુઓ મૃત્યુને ભેટે છે.

તે જ રીતે ગુજરાતનાં ધાર્મિક સ્થળો યાત્રાધામો જેવા કે પાલીતાણા, ગીર—સોમનાથ, દ્વારકા, ચોટીલા, બહુચરાજી, મહુડી, અંબાજી, પાવાગઢ, ડાકોર, સાળંગપુર, બગદાણા, વિરપુર, શામળાજી, દ્વારકા, રતનપર, ઘેલા સોમનાથ, (જિ. રાજકોટ), માટેલ, જુનાગઢ ગીરનાર ક્ષેત્ર વિગેરે ધાર્મિક સ્થળોમાં દર વર્ષે લાખો યાત્રીકો દર્શનાર્થે આવતા હોય છે, આ વિસ્તારોમાં પશુ-પક્ષીઓ પણ ખૂબ મોટી સંખ્યામાં જોવા મળે છે. આ વિસ્તારોમાં ઘવાયેલા, બિમાર પશુ-પક્ષીઓની સ્થળ પર જ, નિઃશુલ્ક સારવાર માટે કરૂણા એનીમલ એમ્બ્યુલન્સ (સંપર્ક : ટોલ ફ્રી નંબર ૧૯૬૨) ની પ્રશંસનીય સેવા જયાં બાકી હોય ત્યાં ગુજરાત સરકાર દ્વારા શરૂ કરાય તેવી રજુઆત કરાઈ છે.

રાજયના ૪ મહાનગરો અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટમાં અત્યારે આ સેવાઓ સવારથી સાંજ સુધી કાર્યરત હોય છે. આ પ્રકારની સેવાઓ ખાસ કરીને મહાનગરોમાં ૨૪ કલાક ચાલુ રહે તો બાકીના સમયમાં પણ અબોલ જીવોને સારવાર અને સારવાર થકી જીવતદાનનો લાભ મળી શકે. રાજયના ૪ મહાનગરોમાં કરૂણા એનીમલ એમ્બ્યુલન્સ (૧૯૬૨)ની સેવાઓ ૨૪ કલાક, પુરતા સ્ટાફ સાથે તાત્કાલીક શરૂ કરાવવા ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડના મિતલ ખેતાણી દ્વારા ગુજરાતનાં જીવદયા પ્રેમી મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલને રૂબરૂ મળીને રજુઆત કરાઈ છે.

પ્રદેશ ભાજપા આર્થિક સેલના ઉપક્રમે

# રાજ્યવ્યાપી વ્યાખ્યાન માળા અંતર્ગત ગાંધીનગર ખાતે ગુજરાત ભારતનું ગ્રોથ એન્જીન વિષય પર પરિચર્ચા યોજાઈ

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, તા.૧૫ જૂન ૨૦૨૨, બુધવારના રોજ ગાંધીનગર ખાતે પ્રદેશ ભાજપા આર્થિક સેલના ઉપક્રમે રાજયવ્યાપી વ્યાખ્યાન માળા અંતર્ગત મહાનગર ભાજપા આર્થિક સેલ અને બુદ્ધિજીવી સેલ દ્વારા સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, સે.-૧૭ ખાતે ગુજરાત ભારતનું ગ્રોથ એન્જીન વિષય પર પરિચર્ચા યોજાઈ ગઈ હતી.




આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ભાજપાના પ્રદેશ અગ્રણીશ્રી તેમજ વિવિધ સેલના પૂર્વ પ્રદેશ પ્રભારીશ્રી ડૉ. અનિલભાઈ પટેલ અને પ્રદેશ આર્થિક સેલના સંયોજકશ્રી પ્રેરકભાઈ શાહે ભારતના વિકાસમાં ગુજરાતના અભૂતપૂર્વ યોગદાન અંગે વિગતવાર છણાવટ કરી માહિતીસભર માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે મહાનગર ભાજપા અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટ, મેયરશ્રી હિતેશભાઈ મકવાણા, સ્ટે.કમિટી ચેરમેનશ્રી જસવંતભાઈ પટેલ, મહામંત્રીશ્રીઓ શ્રી ગૌરાંગ પટેલ, શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, સંગઠનના હોદેદારશ્રીઓ, ચૂંટાયેલ સભ્યો, કાર્યકર્તાઓ તેમજ પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદ-ભાવનગર

# ટ્રેનને ૧૮મીએ વડાપ્રધાન મોદી લીલી ઝંડી આપશે

ભાવનગર,તા.૧૬

ભાવનગર શહેરની જનતા રાહ જોઈ રહી હતી તે અમદાવાદ ભાવનગર ટ્રેનનો તારીખ ૧૮ જૂન ને શનિવારથી પ્રારંભ થશે. વડાપ્રધાન મોદી લીલી ઝંડી આપી આ ટ્રેનને પ્રસ્થાન કરાવશે. બોટાદ સાબરમતી ગેજ ક્ધવર્ઝનના કારણે છેલ્લાં પાંચ વર્ષથી આ રૂટનો ટ્રેન વ્યવહાર બંધ હતો.

બોટાદથી સાબરમતી સ્ટેશન સુધી મીટર ગેજમાંથી બ્રોડગેજ લાઈનમાં પરિવર્તન કરવા માટે ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૭થી ભાવનગર વાયા બોટાદ અમદાવાદ ટ્રેન બંધ કરવામાં આવ્યો હતો. ચાર વર્ષે ગેજ પરિવર્તન કામ પૂર્ણ થયું હતું ગત જુલાઈમાં પ્રથમવાર ટ્રેક ટેસ્ટિંગ કરાયું હતું. નવેમ્બરથી માલગાડી દોડાવવાનું શરૂ કરવામાં આવ્યું હતું .

### ગુજરાત પોલીસ અને સરકાર વેપારીઓના પ્રશ્નોના નિકાલ માટે કટિબદ્ધ : હર્ષ સંઘવી

# SIT પોલીસ કર્મચારી પ્રોત્સાહન કાર્યક્રમ અંતર્ગત પોલીસ કર્મચારીઓને બિરદાવવામાં આવ્યા

અમદાવાદ શહેરમાં કાપડ બજારમાં વેપારીઓ સાથે થતી છેતરપિંડી રોકવાના હેતુસર ૨૦૨૦ થી SIT ની રચના કરવામાં આવેલ છે. જે અંતર્ગત રાજયના ગૃહમંત્રીશ્રીની સૂચના હેઠળ કાપડના વેપારીઓ સાથે થયેલ છેતરપિંડીના બનાવો બાબતે સંયુક્ત પોલીસ કમિશનર શ્રી સેક્ટર ૨ ના સીધા સુપરવિઝન હેઠળ કાર્યરત એસ.આઇ.ટીમાં ગુજરાત રાજ્ય સિવાયના અન્ય રાજ્યો પૈકી પશ્ચિમ બંગાળ તમિલનાડુ, કર્ણાટક, મહારાષ્ટ્ર, દિલ્હી, રાજસ્થાન, પંજાબ, હરિયાણા રાજ્યની મળેલી કુલ ૬૦૫ અરજીઓની ઝડપી તપાસ અને નિકાલ માટે સાત ટીમોની રચના કરવામાં આવી હતી. આ ટીમમાં એક પોલીસ સબ ઈન્સ્પેક્ટર સાથે ૧૦ પોલીસ કર્મચારીઓ જોડાયેલા હતા. આ ટીમોએ અલગ-અલગ રાજ્યોમાં જઈને તપાસની કામગીરી કરી હતી. આ કાર્યવાહી અંતર્ગત આજદિન સુધી એસ.આઇ.ટી ટીમ દ્વારા કાપડના વેપારીઓના રાજયમાં અને રાજય બહાર ફસાયેલા કુલ ૯,૮૯,૭૬,૦૮૨ રૂપિયા પરત અપાવવામાં આવ્યા છે.



પોલીસ વિભાગ દ્વારા થયેલી આ પ્રસંશનીય કામગીરીને બિરદાવવા માટે આજરોજ અમદાવાદના રાયપુર ખાતે મસ્કતી કાપડ માર્કેટ મહાજન દ્વારા ગૃહ રાજયમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં SIT પોલીસ કર્મચારી પ્રોત્સાહન કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ પ્રસંગે પોલીસ વિભાગની કામગીરીને બિરદાવતા ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્યના વેપારીઓના પ્રશ્નોના નિરાકરણ માટે રાજ્ય સરકાર અને પોલીસ વિભાગ હરહંમેશ કટિબદ્ધ છે. કાપડના વેપારીઓ વિશ્વાસ સાથે વેપાર કરે છે. તેઓ દેશના અનેક ભાગોમાં માલ મોકલે છે. જ્યારે તેઓના પેમેન્ટ માટે તેમની સાથે છેતરપિંડી કરવામાં આવે છે કે લેભાગુ એજન્ટો કે વેપારીઓ દ્વારા વિશ્વાસઘાત કરવામાં આવે છે ત્યારે તેઓને ઘણી તકલીફોનો સામનો કરવો પડે છે. આ કારણસર જ એસ.આઈ.ટી. ની રચના કરવામાં આવી છે. પોલીસ વિભાગ દ્વારા ત્વરિત કાર્યવાહી કરીને કુલ ૭૭ જેટલા પોલીસ કર્મચારીઓને અલગ અલગ ટીમ બનાવીને દેશના વિવિધ રાજ્યોમાં મોકલવામાં આવેલ અને આ ટીમો ના સફળ પ્રયાસોને લીધે આજે વેપારીઓના કરોડો રૂપિયા પરત લાવવામાં સફળતા મળી છે. આ માટે સમગ્ર પોલીસ વિભાગ અભિનંદનની હકદાર છે. આ ડ્રાઈવના લીધે ગુજરાત પોલીસ પ્રત્યે વેપારીઓનો વિશ્વાસ વધુ મજબૂત બનશે અને વધુને વધુ વેપારીઓ પોલીસ અને એસ.આઇ.ટી ની સેવાઓનો લાભ લઈ શકશે તેમજ તેઓના પ્રશ્નોના ત્વરીત નિકાલ લાવી શકાશે. આજરોજ કરવામાં આવી રહેલું આ સન્માન પોલીસ કર્મચારીઓનો આત્મવિશ્વાસ અનેકગણો વધારશે.

અન્ય રાજયોમાં કેટલાક પોલીસ કર્મચારીઓ ઉપર હુમલા કરવાના કે તેમને એક યા બીજી રીતે પરત મોકલવા માટેના પ્રયાસો કરવામાં આવ્યા પરંતુ તેઓએ કોઈપણ પ્રકારના દબાણોને વશ થયા વિન નિભાવી અને વેપારીઓના કરોડો રૂપિયા પરત લાવવામાં સફળતા મેળવી.

વધુમાં તેઓએ કાપડ માર્કેટ મહાજનના પણ વખાણ કર્યા. તેઓએ જણાવ્યું કે મસ્કતી કાપડ માર્કેટ મહાજન અને સરકાર વચ્ચે પહેલેથી જ સંકલન અને સૌહાર્દપૂર્ણ સંબંધો સ્થાપિત છે. પહેલેથી જ કાપડ માર્કેટ મહાજન કુદરતી આપદાઓમાં મદદ માટે અને સમાજસેવા માટે સરકારની સાથે ઊભી રહે છે. વધુમાં, તેમણે જણાવ્યું કે, મહાજન શબ્દ તમારી ઓળખ છે અને તમારા દ્વારા વેપારીઓના હિતમાં લેવાતા નિર્ણયોનું પ્રતીક છે. તેઓએ તેમને મહાજન તરીકે જ ઓળખાવવા માટે અને એસોસિયેશન તરીકે ના સ્થાપિત થવા માટે અપીલ કરી. આ પ્રસંગે અમદાવાદ પૂર્વ લોકસભાના સંસદ સભ્ય શ્રી હસમુખભાઈ પટેલે જણાવ્યું કે, એક વેપારી તરીકે ઉઘરાણીના નાણાં પરત ન આવે અને છેતરપિંડીનો ભોગ બનવામાં આવે તે બહુ જ કપરો સમય હોય છે. ગુજરાત સરકાર અને ગુજરાત પોલીસ દ્વારા સ્થાપિત એસ.આઈ.ટી ની કામગીરી ખરેખર પ્રશંસનીય છે. તેઓના અથાગ પ્રયત્નો ના લીધે જ આજે વેપારીઓના કરોડો રૂપિયા પરત આવી શકયા છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર વેપારીઓના પ્રશ્નોના નિકાલ માટે હરહંમેશ કાર્યરત છે અને વેપારીઓ પોતાના પ્રશ્નો અને સમસ્યાઓ માટે તેમજ પોલીસી મેકિંગ માટેના સૂચનો સાથે હંમેશા આવકાર્ય છે. આ પ્રસંગે શહેર પોલીસ કમિશનર શ્રી સંજય શ્રીવાસ્તવે જણાવ્યું કે, પોલીસ વિભાગ માટે આજે ખરેખર ગર્વની વાત છે. શહેરના વેપારીઓના પ્રશ્નો માટે પોલીસ જે કંઈ પણ કરી શકશે એ કરવા માટે હંમેશા તત્પર રહેશે. આવા આર્થિક પ્રશ્નોના નિરાકરણ માટે જ આર્થિક ગુના નિવારણ શાખા ની શરૂઆત કરવામાં આવી છે. કાર્યક્રમ અંતર્ગત ૦૭ પોલીસ ઈન્સ્પેક્ટર અને ૭૦ પોલીસ કર્મચારી સહિત કુલ ૭૭ અધિકારીઓને પ્રશંસાપત્ર અને રોકડ ઈનામોથી સન્માનવામાં આવ્યા. આ પ્રસંગે કેટલાક વેપારીઓએ પોતાના અનુભવો વર્ણવ્યા. તેમને પોલીસ અને જૈં દ્વારા મળેલા સહયોગ અને પોતાના ફસાયેલા નાણાં પરત અપાવવા બદલ તેઓએ પોલીસ વિભાગની કામગીરીની પ્રશંસા કરી. આ પ્રસંગે ગૃહ રાજયમંત્રી શ્રી હર્ષ સંઘવી, અમદાવાદ પૂર્વ લોકસભાના સંસદ સભ્યશ્રી હસમુખ પટેલ, શહેર પોલીસ કમિશનર શ્રી સંજય શ્રીવાસ્તવ (IPS), જોઈન્ટ પોલીસ કમિશનર શ્રી ગૌતમ પરમાર (સેકટર-૨)(IPS), મસ્કતી કાપડ માર્કેટ મહાજનના પ્રમુખ ગૌરાંગ ભગત અને સેક્રેટરી નરેશ શર્મા, મ્તૅ શહેર પ્રમુખ શ્રી અમિત શાહ અને સહ કોષાધ્યક્ષ શ્રી ધર્મેન્દ્ર શાહ તેમજ મસ્કતી કાપડ માર્કેટ મહાજનના વ્યાપારી ગણ તેમજ પોલીસ કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા.

મીનેશ પટેલ

## બનાસકાંઠામાં મમતાને શર્મશાર કરતી વિચિત્ર ઘટના સાસુ બની પત્ની



બનાસકાંઠા સમાચાર )

બનાસકાંઠા જિલ્લાના એક ગામમાં વિધવા મહિલાની દીકરીએ સગપણ તોડી નાખતાં તેની માતા જ જમાઈ સાથે ઘર માંડ્યું હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. બનાસકાંઠા ૧૮૧ની સમજાવટને પગલે હવે સમાજના અગ્રણીઓ દ્વારા મહિલાને મૂળ સાસરીમાં તેનાં સંતાનો પાસે મૂકવા તજવીજ હાથ ધરી છે.

આ અંગે બનાસકાંઠા ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનનાં કાઉન્સેલર લક્ષ્મીબેન સોલંકીએ જણાવ્યું હતું કે, જિલ્લાના એક ગ્રામીણ વિસ્તારમાં રહેતી પરિણીતાએ કોલ કર્યો હતો કે મારા પતિ ત્રાસ ગુજારે છે, આથી મહિલા પોલીસ શિલ્પાબેન સાથે તેના ઘરે ગયા હતા. ત્યાં પરિણીતાની આપવીતી સાંભળી અમે પણ ચોંકી ઊઠયા હતા. તેણે એવું કહ્યું હતું કે ચારેક વર્ષ પહેલાં આ યુવક તેની દીકરીને જોવા માટે આવ્યો હતો અને બંનેની સગાઇ નક્કી કરાઇ હતી. સગાઈ અઢી માસ સુધી રાખ્યા બાદ દીકરીને યુવક પસંદ ન હોવાથી સગાઈ તોડી નાખી હતી. જ્યાં આ સામાજિક સંબંધ પર પૂર્ણવિરામ મૂકવાને બદલે દીકરીની માતાએ દીકરીએ સગાઈ તોડી હતી તે જમાઈ સાથે જ ઘર માંડયું હતું.

જ્યાં પોતાની ત્રણ દીકરી અને એક દીકરાના ભવિષ્યનું શું..?, તેમની સગાઇ હવે કોણ કરશે..? સહિતના મુદ્દે બે કલાક સુધી કાઉન્સેલિંગ કરતાં આખરે મહિલા અને તેની સાથે લગ્ન કરનાર યુવકને સમજાવ્યા હતા. હવે સમાજના અગ્રણીઓ દ્વારા તેને મૂળ સાસરીમાં તેનાં સંતાનો પાસે મૂકવા તજવીજ હાથ ધરી છે. પતિનું વર્ષો અગાઉ નિધન થયું હતું. જે સાસરીમાં જ રહી પોતાની વિધવા સાસુ અને ચાર સંતાનનું પાલનપોષણ કરતી હતી.

૪૬ વર્ષની માતાએ ૩૦ વર્ષના યુવક સાથે મંદિરમાં જઈ ફૂલહાર કર્યા હતા, જે છેલ્લાં ચાર વર્ષથી તેની સાથે જ રહેતી હતી. દરમિયાન ૧૮૧ અભયમના કાઉન્સેલરે બે કલાક સુધી સમજાવતાં પોતાનાં નાના ૮ અને ૧૦ વર્ષનાં સંતાનોનું ભવિષ્ય ન બગડે એ માટે પુનઃ તેમની જોડે મૂળ સાસરીમાં જવા માટે માની ગઈ હતી.

## મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે રૂપિયા ૨.૪ કરોડના ખર્ચે નવનિર્મિત વિરમગામ તાલુકા પંચાયત ભવનનું લોકાર્પણ

### 'મેં નહિ હમ' - કર્મ ધ્યેય સાથે મુખ્યમંત્રી શ્રીના અધ્યક્ષ સ્થાને અમદાવાદ જિલ્લાના વિરમગામ ખાતે જિલ્લા વહીવટી તંત્રની સમીક્ષા બેઠક યોજાઇ



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું છે કે, ઘરઆંગણે ઉકેલી શકાય તેવા પ્રશ્નો માટે લોકોને જિલ્લા કે રાજ્ય કક્ષાએ ના જવું પડે તે માટે રાજ્ય સરકારે સંવેદના પૂર્ણ અભિગમ અપનાવ્યો છે. ઘર આંગણે કે તાલુકા જિલ્લા કક્ષાએ ઉકેલી શકાય તેવા પ્રશ્નો સ્થાનિક કક્ષાએ ઉકેલવામાં આવે તો પ્રશ્નો ઊભા જ ન થાય એમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ' મેં નહીં હમ' ના કર્મ ધ્યેય સાથે અમદાવાદ જિલ્લાના વિરમગામ ખાતે જિલ્લા વહીવટી તંત્રની સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા વિરમગામ તાલુકામાં રૂપિયા ૨.૪ કરોડના ખર્ચે નવનિર્મિત તાલુકા પંચાયત ભવનનું લોકાર્પણ કર્યું હતું. આ અવસરે નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ, શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બ્રિજેશ ભાઇ મેરજા પણ જોડાયા હતા. વિરમગામ ખાતે યોજાયેલી સમીક્ષા બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ ઘર આંગણે ઉકેલી શકાય તેવા પ્રશ્નો અને સ્તવરે ઉકેલવા વહીવટી તંત્રના અધિકારીઓને તાકીદ કરી હતી. આ બેઠક નાણા મંત્રી શ્રી કનુભાઇ દેસાઇ, શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બ્રિજેશ ભાઇ મેરજા, પૂર્વ શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, જિલ્લા ભાજપના પ્રમુખ શ્રી હર્ષદ ગીરી ગોસ્વામી સહિત જન પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ સમીક્ષા બેઠકમાં મુખ્યમંત્રી શ્રી સમક્ષ રોડ, પાણી, રસ્તા, ગટર, ઓવરબ્રિજ, સિંચાઈ, વીજળી, શિક્ષણ, વરસાદી પાણીનો નિકાલ, રસ્તા પહોળા કરવા જેવા અનેકવિધ પ્રશ્નો રજૂ કરાયા હતા. મુખ્યમંત્રીશ્રીએ તમામ પદાધિકારીઓના સવાલો ઝીણવટપૂર્વક સાંભળીને વહીવટીતંત્ર સાથે ઉકેલ અંગેની છણાવટ કરી હતી અને જણાવ્યું હતું કે આ પ્રશ્નો અન્ય રીતે ઉકેલવા માટે વહીવટીતંત્ર કાર્યશીલ હોય છે પરંતુ ક્યાંક નિયમોના અર્થઘટન અથવા અન્ય કોઈ રીતે અટવાયેલા પ્રશ્નો સત્વરે પૂરા થાય તેવી તાકીદ પણ કરી હતી. તંત્ર અને પ્રતિનિધિઓ એકબીજા સાથે સંકલન સાધીને કાર્યપ્રણાલી આગળ વધારે તો પ્રશ્નો ઉપસ્થિત જ ન થાય ત્યારે આ કાર્યક્રમને પરિણામ લક્ષી બનાવવા મુખ્યમંત્રીશ્રીએ સૂચન કર્યું હતું. આ સમીક્ષા બેઠકમાં અમદાવાદ જિલ્લા કલેકટર શ્રી સંદીપ સાંગલેએ કહ્યું હતું કે, રાજ્યના છેવાડાના માનવી સુધી વિવિધ યોજનાઓ ફળ પહોચાડવામાં રાજ્ય સરકાર કટિબદ્ધ છે. મુખ્યમંત્રીશ્રીએ લોક પ્રશ્નોના ઉકેલ માટે સંવેદના પૂર્ણ અભિગમ પણ અપનાવ્યો છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. આ સમીક્ષા બેઠકમાં સર્વે ધારાસભ્યશ્રીઓ, જીલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલભાઈ ધામેલીયા, ઔડાના સીઇઓ શ્રી ડી.પી. દેસાઈ, પોલીસ અધિક્ષકશ્રી તેમજ તાલુકા પ્રમુખશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ચીકટિયા ગામે ગર્ભવતી ભેંસનુ જટિલ ઓપરેશન કરી બચાવી લેવાઈ

આહવા: તા: ૧૬:

ડાંગ જિલ્લાના ચીકટિયા ગામે એક ગર્ભવતી ભેંસને, પ્રસૂતિમા ભારે તકલીફ ઊભી થતા, પશુપાલકે તબીબોનો સહારો લેવો પડ્યો હતો.

જિલ્લાના મદદનીશ પશુપાલન અધિકારી શ્રી હર્ષદ ઠાકરે તરફથી મળેલી વિગતો અનુસાર, ચીકટિયા ગામના ઉપલા ફળિયામા રહેતા પશુપાલક શ્રી અવસુભાઈ ગંસુભાઈ પવારની માલિકીની ગર્ભવતી ભેંસ, પ્રસૂતિની અસહ્ય વેદના અનુભવતી હતી. જેથી તેમણે આહવાના પશુ દવાખાનામા ફોન કરતા, ડો.વિરલ પટેલ અને એટેન્ડન્ટ વિશાલ ધૂમ તાત્કાલિક ચીકટિયા પહોંચી ગયા હતા.

ડોક્ટરની તપાસમા આ ગર્ભવતી ભેંસના પેટમા બે માથા, અને સાત પગ સાથેનુ મૃત બચ્ચુ હોવાનુ માલુમ પડ્યુ હતુ. જેને કારણે ભેંસને વિયાણમા ભારે પીડા થઈ રહી હતી. આ સ્થિતિમા ભેંસને બચાવવા માટે તાત્કાલિક ફિટોટોમી ઓપરેશન કરવાનો નિર્ણય લઈ, પાંચ કલાકના જટિલ ઓપરેશન બાદ, મૃત બચ્ચાને માતાના ગર્ભમાંથી બહાર કાઢી, ભેંસને જીવતદાન આપ્યુ હતુ.

મૂંગા પશુઓની સેવા, સુશ્રુશા સાથે સંકળાયેલા રાજ્ય સરકારના પશુપાલન વિભાગના સંવેદનશીલ અભિગમને કારણે, એક પશુપાલકે તેની જીવાદોરી સમી ભેંસને બચાવી છે. તો બીજી તરફ પશુપાલન વિભાગે પણ રાજ્ય સરકારની સેવા, સુશાસનની પ્રતિબદ્ધતાને અહીં સાકાર કરી છે.

નરેન્દ્ર પવાર,ડાંગ

## '૨૧ જુન વિશ્વ યોગ દિવસ'- 'માનવતા માટે યોગ'ની થીમ પર ઉજવણી કરાશે

અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના વીંછીયા ગામ નજીક ખુલ્લી જગામાં વસતા વાદી સમાજના બાળકો આજે યોગના પાઠ કરે છે. સ્થળ પર બનાવાયેલી વાદી પાઠશાળામાં રોજ સવારે બાળકો શિક્ષણ શરુ થતા પહેલા યોગ-આસન કરીને સૌનું ધ્યાન આકર્ષિત કરે છે.

૨૧ જૂને વિશ્વ યોગ દિવસ છે .. આ વર્ષે 'માનવતા માટે યોગ' થીમ પર યોગ દિવસની ઉજવણી કરાનાર છે. યોગ એ સમગ્ર વિશ્વને ભારતની આગવી દેન છે. પ્રધાનમંત્રી શ્રીનરેન્દ્રભાઇ મોદીએ વિશ્વ આખાને યોગનું અને ભારતની શ્રેષ્ટતાનું મહત્વ સમજાવ્યું છે. જે ભારતની છબી એક સમયે સાપ-સપેરા, વાદી-મદારીના દેશની હતી એ જ ભારત આજે વિશ્વ ગુરુ બનવા ભણી સફળતા પ્રાપ્ત કરી રહ્યું છે.

વાદી મદારીના બાળકો પણ હવે તેમના આ પરા પૂર્વના વ્યવસાય થી મુક્ત થઈ યોગ દ્વારા એકાગ્રતા કેળવી શિક્ષણ માટે પ્રવૃત્ત બન્યા છે. વાદી સમાજ એટલે સાપ—વીંછીના ખેલ કરીને પેટીયું રળતો સમાજ.. પરંપરાગત એટલે કે પોતાના વડવાઓની પ્રવૃત્તિને આ સમાજે આગળ વધારી છે... પરંતુ કાળ ક્રમે બદલાતા સમયમાં હાથ ચાલાકી જ છે એવા જાદુના ખેલ તરીકે ઓળખાતી પ્રવ્રુત્તિ આજે દેખાતી બંધ થઈ છે. સાણંદના માનવ સેવા ટ્રસ્ટે શિક્ષણ વિભાગના સહયોગથી અહીં વાદી પાઠશાળા શરુ કરી છે.

સાણંદના વીંછિયા ખાતે ખુલ્લાં આકાશને ચાદર બનાવી જીવતા વિચરતી વિમુક્ત જાતિના ડંગામાં પ્રકૃતિના ખોળે રમનાર ચંચળ અને પલાંઠી વાળીને ઘડીકેય ન ઝપનાર આ વનબાળને લકુલેશ યોગા યુનિવર્સીટીની પૂર્વ છાત્રા અને હાલ બેંગ્લોરમાં યોગામાં જ આગળ વધુ અભ્યાસ કરનારી નિધી બારોટ વાદી સમાજના બાળકોને યોગ શિક્ષણની તાલીમ આપી. નિધિ બારોટ કહે છે કે, 'યોગ, સ્વાસ્થ્ય અને મન માટે ઉત્તમ છે એ બાબત તો નિર્વિઘ્ન છે પણ આ બાળકોના ચંચળ સ્વભાવ અને મનને સ્થિર કરવામાં યોગ જરૂર મદદ કરશે...'

સમજુનાથ વાદી પાઠશાળાના આ બાળકો પલાંઠીવાળી એકચિત્તે ભણતા થાય એ માટેની એકાગ્રતા ઉપલબ્ધ કરતા યોગ કદાચ આ બાળકોની સૌથી મોટી ઉપલધિ કહી શકાય.. આ પ્રવૃત્તિને આવકારતા વાદી સમાજના અગ્રણી શ્રી ગોરખનાથ વાદી ઉમેરે છે કે અમારા બાળકો આવી રીતે શાંત ચિત્તે બેસીને યોગ અને તેના પગલે અભ્યાસ કરતા થયા છે એ હજી પણ માન્યામાં ન આવે તેવી વાત છે...

'માનવતા માટે યોગ'નું આ કદાચ શ્રેષ્ઠ ઉદાહરણ છે.

હિમાંશુઉપાધ્યાય

## ગાંધીનગર મહાનગરપાલિકામાં હાલ રોડ રસ્તાના નામકરણની પોલિસી ન હોવાથી નામકરણ હાલ પુરતું મોકુફ રાખેલ છે

ગાંધીનગર,

ગાંધીનગર મહાનગરપાલિકાના માનનીય મેયરશ્રી દ્વારા માન. મ્યુનિસિપલ કમિશનરશ્રીને પત્ર લખીને રાયસણ પેટ્રોલ પંપથી ૮૦ મીટરના રોડને 'પૂજ્ય હિરાબા માર્ગ' તરીકે નામાકરણ કરવા સૂચન કરવામાં આવ્યું હતું. પરંતુ ગાંધીનગરના રસ્તાઓના નામાકરણ કરવાની બાબતે હાલ કોઈ પોલિસિ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મંજૂર કરવામાં આવેલી ન હોવાથી હાલ પુરતી આ સૂચન દરખાસ્ત મુલતવી રાખવામાં આવે છે. ભવિષ્યમાં આ મુદ્દે જો કોઈ પોલિસી બનાવવામાં આવશે તો આ મુદ્દાને ધ્યાને લઈને યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

## ગાંધીનગર જિલ્લા નારકો કો-ઓર્ડીનેશન કમિટીની બેઠક જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને યોજાઇ



ગાંધીનગરઃ ગુરૂવારઃ

જે નાગરિકો તમાકુ, સિગારેટ, ગુટખા કે અન્ય વ્યસન કરતા હોય તેવા વ્યક્તિઓએ નશાથી મુક્તિને જીવનનો હિસ્સો બનાવવો જોઈએ, તેવું આજરોજ ગાંધીનગર જિલ્લા નારકો કો-ઓર્ડીનેશન કમિટીની બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્ય જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, જે વ્યક્તિ વ્યસન કરે છે, તેના બાળકો તેમને અનુસરીને તમાકુ કે ગુટખાનું વ્યસન કરતા હોય છે. પોતાના બાળકોને તમાકુ કે અન્ય કોઇપણ પ્રકારના વ્યસનથી મુક્ત રાખવા માટે આપે પહેલા વ્યસન મુક્ત બનવું પડશે. તેમણે ઉમેર્યું હતું કે, હાલમાં સમાજમાં ડ્રગ્સનું સેવન વધતું જાય છે. આ વ્યસનને નાબૂદ કરવા માટે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ 'નશા મુક્ત ભારત' બનાવવાના સંકલ્પ લીધો છે. તેમજ આ વ્યવસન પરિવારને પણ બરબાદ કરે છે. આ પ્રકારના વ્યસનની ગુપ્ત રાહે વિતરણ વ્યવસ્થા ગોઠવવામાં આવતી હોય છે. જેથી નાગરિકોને આ પ્રકારના નશીલા પદાર્થના વિતરણની શંકા હોય કે જાણકારી મળે તો સ્થાનિક પોલીસ તંત્ર જાણ કરવા માટે પણ સર્વે જિલ્લાના નાગરિકોને અપીલ કરી છે. તેની સાથે જિલ્લામાં ખસખસ, ગાંજો કે અફીણના પાકની ગેરકાયદેસર વાવેતર કરતા હોય તો તેની જાણ પણ કરવા ભારપૂર્વક જણાવ્યું છે. આ અંગેની જાણકારી આપનારનું નામ ગૃપ્ત રાખવામાં આવે છે. તેમજ આપ અંગેની જાણકારી સોશ્યિલ મીડિયાના માધ્યમથી પણ આપી શકો છો, તેવું પણ ઉમેર્યુ હતું. તેમજ ગાંધીનગર જિલ્લાની નારકો કો-ઓર્ડીનેશન સેન્ટર કમિટીની બેઠકમાં ડ્રગ્સ હેરફેરના વલણો વિશે બાતમી- માહિતીનું આદાન-પ્રદાન કરવા, જિલ્લામાં ખસખસ, ગાંજો, અફીણના પાકની ગેરકાયદેસર વાવેતર બાબતની તકેદારી રાખી કાર્યવાહી કરવા અંગે, પોતાના વિસ્તારમાં એન.ડી.પી.એસ. અધિનિયમની જોગવાઇ અને ડ્રગ્સના નુકશાન કારક અસરો અંગેની જાગૃત્તિ અંગેના કાર્યક્રમ યોજવા બાબત, ડ્રગ્સ શોધવાના ઉપકરણો આવશ્યકતાઓનું મુલ્યાંકન કરવું અને તે માટેની માંગ માટે દરખાસ્ત મોકલવી બાબત, અલગ- અલગ એજન્સી મારફતે દાખલ થયેલ ગુનાઓની તપાસનું મોનિટરીંગ અંગે, ગાંધીનગરની મહત્વની યુનિવર્સિટીમાં નશીલા પદાર્થોનું વેચાણ ન થાય તેની ખાસ તકેદારી અંગેની ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લાના સર્વે અધિકારીશ્રીઓ દ્વારા 'નશા મુક્ત ભારત ' બનાવવાના શપથ લેવડાવ્યા હતા. આ બેઠકમાં અધિક નિવાસી કલેકટર શ્રી રીતુ સિંગ, ડી.વાય.એસ.પી. શ્રી એમ.જે. સોલંકી અન્ય જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર ખાતે

## તા. ૨૧મી જૂન અને દહેગામ ખાતે તા. ૨૩મી જૂને ઔદ્યોગિક રોજગાર ભરતી મેળો યોજાશે.

ગાંધીનગર : ગુરૂવારઃ

ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી - મોડલ કેરિયર સેન્ટર ગાંધીનગર દ્વારા ગાંધીનગર ખાતે તા. ૨૧મી જૂન અને દહેગામ ખાતે તા. ૨૩ મી જૂન, ૨૦૨૨ ના રોજ ઔધોગિક રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં તા. ૨૧મી જૂન, ૨૦૨૨ના રોજ ઔધોગિક રોજગાર ભરતી મેળો બલરામ મંદિર પરિસર, કલેકટર કચેરી સામે, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાશે. આ ભરતી મેળો સવારના ૧૦.૩૦ કલાક યોજાશે. આ ભરતી મેળામાં એસ.એસ.સી, એચ.એસ.સી, આઇ.ટીઆઇ., તમામ ટ્રેડ, ગ્રેજ્યુએટ, થયેલા રોજગાર વાંચ્છુક ઉમેદવાર ભાગ લઇ શકશે.

તેમજ તા. ૨૩મી મે, ૨૦૨૨ ના રોજ દહેગામ ખાતે મહાસુખલાલની વાડી, ભારત પેટ્રોલ પંપની સામે, દહેગામ ખાતે યોજાશે. આ મેળો પણ સવારના ૧૦.૩૦ કલાકે શરૂ થશે. આ મેળામાં એસ.એસ.સી, એચ.એસ.સી, આઇ.ટીઆઇ., તમામ ટ્રેડ, ગ્રેજ્યુએટ, થયેલા રોજગાર વાંચ્છુક ઉમેદવાર ભાગ લઇ શકશે.

આ બન્ને ભરતી મેળામાં રોજગાર વાંચ્છુક ઉમેદવારોને સહભાગી બનવા માટે જિલ્લા રોજગાર અધિકારી (જનરલ) જણાવ્યું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.